RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 325* Date: 22.09.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ગોવામાં 'આપ'ની સરકાર બની તો ૩૦૦ યૂનિટ વીજળી ફ્રી : કેજરીવાલ

નવી દિલ્હી તા.૨૧

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે ગોવાના લોકોને સત્તામાં આવવા પર વિજળીની ૩૦૦ યૂનિટ ફ્રીમાં આપવાની જાહેરાત કરી છે. તેની સાથે જ કેજરીવાલે કહ્યું કે પ્રત્યેક ઘરમાંથી એક બેરોજગાર વ્યક્તિને નોકરી આપવામાં આવશે અને કામની શોધમાં બેરોજગાર લોકોને નોકરી ન મળવા સુધી ૩૦૦૦ રૂપિયા માસિક ભથ્થું મળશે. આવતા વર્ષે પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી થવાની છે. જેમાં ગોવા પણ સામેલ છે. કેજરીવાલ ગોવાને લઇ ખૂબ જ આશાવાન છે.આવતા વર્ષે ઘણાં રાજ્યોમાં લોકસભાની ચૂંટણીઓ થવા જઇ રહી છે. જેને લઇ રાજકીય પાર્ટીઓની પ્રચારની તૈયારીઓ જોરશોરમાં ચાલું થઇ ગઇ છે. ભાજપા અને કોંગ્રેસ ઉપરાંત અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી પણ હવે દિલ્હી સિવાય અન્ય રાજ્યોમાં પોતાની પકડ મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે. ગુજરાતમાં છછુઁની પકડ ધીમે ધીમે મજબૂત થતી જોવા મળી રહી છે. એજ કારણ છે કે રૂપાણીના રાજીનામા બાદ ગુજરાતમાં એક આખું નવું કેબિનેટ બનાવી દેવામાં આવ્યું. કેજરીવાલની પાર્ટી ગુજરાત ઉપરાંત પંજાબ અને ઉત્તરાખંડમાં પણ મોટી જાહેરાતો કરી ચૂકી છે. સત્તારૂઢ ભાજપા અને કોંગ્રેસ સામે કડી ટક્કર માટે કેજરીવાલે ગોવામાં સાત મોટી જાહેરાતો કરી છે. તેમણે કહ્યું કે, જો તેમની પાર્ટી સત્તામાં આવે છે તો ભ્રષ્ટાચાર રોકશે અને રાજ્યના યુવાઓ માટે નોકરીઓ સુનિશ્ચિત કરશે. કેજરીવાલે કહ્યું કે સ્થાનીય લોકોને ખાનગી નોકરીઓમાં ૮૦ ટકા આરક્ષણ આપવામાં આવશે.

## બાળકો માટે કોરોનાની રસી સલામત : ફાઇઝર




ફાઇઝર , તા.૨૧

બ્રિટનમાં ૧૨થી ૧૫ વર્ષના સ્વસ્થ બાળકોને શાળાની અંદર જ ફાઇઝરની કોવિડ વેક્સિન આપવાનો આરંભ કરવામાં આવ્યો હતો. બાળકોનું શિક્ષણ વધારે કથળતું અટકે તે આશાઓ સાથે યુકે સરકાર બાળકોને ફાઇઝરનો સિંગલ વેક્સિન ડોઝ આપી રહી છે. નોંધનીય છે કે બ્રિટનમાં ૧૬ વર્ષથી નીચેની વયના ૩૦ લાખથી વધુ બાળકો છે અને મંત્રીઓને આશા છે કે ઓછામાં ઓછા ૬૦ ટકા બાળકો ઓફરને ઉપાડી લેશે.વિશ્વભરમાં કોરોના સામે લડવાના મોરચે બાળકોની સુરક્ષાને લઇને ભારે ચિંતા પ્રવર્તી રહી છે ત્યારે આ ચિંતાને ખતમ કરવાને લઇને ફાઇઝર અને BioNTechએ મોટી જાહેરાત કરી છે. આ કંપનીઓની સોમવારની જાહેરાત અનુસાર તેમની કોવિડ-૧૯ વેક્સિનની પાંચથી ૧૧ વર્ષના બાળકો ઉપર અત્યંત મજબૂત અસર જોવા મળી છે. હવે કંપની અમેરિકા અને યુરોપ સહિતના વિશ્વના દેશોમાં તેના ઉપયોગની મંજૂરી મેળવવા માટે ટૂંક સમયમાં અરજી કરવાની તૈયારીમાં છે. કંપની દાવો કરે છે કે વેક્સિનના બીજા અને ત્રીજા તબક્કાના ક્લિનિકલ ટ્રાયલમાં ૫-૧૧ વર્ષના બાળકોમાં ઈમ્યૂન રિસ્પોન્સ જોવા મળ્યો હતો કે જે અગાઉ ૧૬-૨૫ વર્ષના લોકોમાં જોવા મળેલા રિસ્પોન્સ સાથે સમાનતા ધરાવે છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### મોદીની અમેરિકા મુલાકાત

# વડાપ્રધાન મોદી ૨૪મીએ બાઇડનને મળશે



નવી દિલ્હી, તા. ૨૧

અમેરિકી રાષ્ટ્રપતિ સાપ્તાહિક કાર્યક્રમ અનુસાર ૨૪ સપ્ટેમ્બર શુક્રવારે જ બાઈડન પ્રધાનમંત્રી મોદી, સુગા અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સ્કોટ મોરિસન સાથે વ્હાઈટ હાઉસમાં પહેલીવાર વ્યકિતગત રૂપથી કવાડ નેતાઓના શિખર સંમેલનની મેજબાની કરશે. ગત અઠવાડિયે નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે ચારેય નેતા આ વર્ષે ૧૨ માર્ચના રોજ પોતાના પહેલા ડિજિટલ શિખર સંમેલન બાદ થયેલી પ્રગતિની સમીક્ષા કરશે અને ભાગીદાર હિતો સાથે જોડાયેલા ક્ષેત્રીઓ મુદ્દાઓ પર ચર્ચા કરશે. મોદીની અમેરિકા યાત્રા લગભગ છ મહિનામાં તેમની પ્રથમ વિદેશ યાત્રા હશે જયારે કોવિડ-૧૯ મહામારીના પ્રકોપ બાદ તે બીજી વાર કોઈ દેશની પ્રથમ યાત્રા પર આવશે. આ પહેલાં માર્ચમાં મોદીએ બાંગ્લાદેશની યાત્રા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અમેરિકા માટે રવાના થઇ રહ્યા છે. આ દરમિયાન તેઓ યુનોની મહાસભાના ૭૬માં સત્રમાં ભાગ લેવાની સાથોસાથ અન્ય દેશના નેતાઓને પણ મળશે. પીએમ મોદી ઉપરાંત આ મહત્વની બેઠકમાં ભાગ લેવા માટે ૧૦૦ દેશોના રાષ્ટ્રાધ્યક્ષ પણ અમેરિકા આવી રહ્યા છે. પીએમ મોદી ૨૨મીએ વોશિંગ્ટન ડીસી પહોંચશે અને પછી તેઓ અમેરિકાના ટોચના સીઈઓને મળશે. એપ્પલના વડા ટીમ કુકને પણ તેઓ મળે તેવી શકયતા છે. અમેરિકાના ટોચના ઉદ્યોગપતિઓ સાથે બેઠક કર્યા પછી મોદી ૨૩મીએ અમેરિકી ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને પણ મળશે. આ ઉપરાંત પીએમ એ જ દિવસે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અને જાપાનના વડાપ્રધાનને પણ મળશે. પીએમ મોદી ૨૪મીએ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેન સાથે પ્રથમ પ્રત્યક્ષ દ્વીપક્ષીય બેઠક યોજશે અને વોશિંગ્ટનમાં પ્રથમ ઈન-પર્સન કવાડ લીડર્સ સમીટમાં ભાગ લેશે. પીએમ મોદીની મુલાકાત દરમિયાન ડીનરનું પણ આયોજન થયું છે. પીએમ બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સનને પણ મળે તેવી શકયતા છે. વડાપ્રધાન ૨૪મીએ સાંજે ન્યૂયોર્ક માટે રવાના થશે. બીજા દિવસે તેઓ યુનોની મહાસભાને સંબોધન કરશે.

મોદી - બાયડન ત્રાસવાદ અને અફઘાનીસ્તાન અંગે ચર્ચા કરે તેવી શકયતા છે. આ મુલાકાતથી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ દ્રઢ બનશે એ નક્કી છે. અમેરિકા ના રાષ્ટ્રપતિ જો બાઇડન ૨૪ સપ્ટેમ્બરના રોજ વ્હાઈટ હાઉસમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરી બંને દેશો વચ્ચે સંબંધોને વધુ મજબૂત કરવાનો પ્રયત્ન કરશે. સોમવારે જાહેર થયેલ રાષ્ટ્રપતિના સાપ્તાહિક કાર્યક્રમમાં આ વાતની જાણકારી આપવામાં આવી છે. અધિકારીએ જણાવ્યું કે ૨૩ સપ્ટેબરના રોજ ગુરૂવારે અમેરિકાની ઉપરાષ્ટ્રપતિ કમલા હેર્રિસ પ્રધાનમંત્રી મોદી સાથે મુલાકાત કરશે. બંને નેતાઓની વચ્ચે શુક્રવારે થનાર પહેલી બેઠકના સંબંધમાં કહેવામાં આવ્યું છે, 'રાષ્ટ્રપતિ ભારતીય ગણરાજયના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠકમાં ભાગ લેશે.' ડેમોક્રેટિક પાર્ટી નેતા જો બાઈડનના જાન્યુઆરીમાં રાષ્ટ્રપતિ બન્યા બાદ બંને નેતાઓ વચ્ચે ઘણીવાર ડિજિટલ માધ્યમોથી વાતચીત થઈ છે. ગત વખતે પ્રધાનમંત્રી મોદી સપ્ટેમ્બર ૨૦૧૯ માં અમેરિકા યાત્રા પર આવ્યા હતા. આ દરમિયાન તેમણે અને તત્કાલિન અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હ્યૂસ્ટનમાં હાઉડી-મોદી કાર્યક્રમને સંબોધિત કર્યા હતા. વ્હાઉટ હાઉસને શુક્રવારે રાષ્ટ્રપતિના કાર્યક્રમ વિશે કહ્યું કે બાઈડન જાપાનના પ્રધાનમંત્રી યોશીહિદે સુગા સાથે મુલાકાત કરશે.

## ચીની જાસૂસો દ્વારા બગરામ એરબેઝની રેકી કરતાં ભારતની ચિંતા વધી ગઇ

અફઘાનિસ્તાન , તા.૨૧

૨૦૦૧૪માં તાલિબાનની તાકાતને અમેરિકાએ હલાવી દીધી હતી ત્યારબાદ અમેરિકન જિયોલોજિકલ સોસાયટી સર્વેએ આ ભંડારનો સર્વે શરૂ કર્યો હતો. ૨૦૦૬માં અમેરિકન રિસર્ચર્સે મેગ્નેટિક, ગ્રેવિટી અને હાઈપરસ્પેક્ટ્રલ સર્વે માટે હવાઇ મિશન પણ કર્યું, અફઘાનિસ્તાનમાં ખનીજો, લોખંડ, તાંબુ, કોબાલ્ટ, સોના સિવાય ઔદ્યોગિક ક્ષેત્રે વપરાતા લીથિયમ અને નિઓબિયમ પણ ભરપૂર છે. આ બધામાંથી લીથિયમની માંગના લીધે અફઘાનિસ્તાનને 'સાઉદી અરબ' પણ કહેવાય છે. લીથિયમનો ઉપયોગ લેપટોપ અને મોબાઈલની બેટરીઓમાં થાય છે. ખુદ અમેરિકાએ અફઘાનિસ્તાનને લીથિયમનું સાઉદી અરબ બનાવાનું કહ્યું હતું. હવે આ બધા પર ચીનની બાજ નજર છે અને તેણે હવે ૬૨ અબજ ડોલરના બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટની અંતર્ગત CPC (ચીન પાકિસ્તાન કોરિડોર)નો વિસ્તાર અફઘાનિસ્તાન સુધી કરવાની કોશિશ તેજ કરી દીધી છે.અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સેનાની વાપસી અને તાલિબાનના લોહિયાળ કબ્જા બાદ પાકિસ્તાન અને ચીન એ હવે પોતાની પકડ વધુ મજબૂત કરવાની શરૂઆત કરી દીધી છે. તાલિબાનની વચગાળાની સરકારની રચનાની બરાબર પહેલાં ISI ચીફે કાબુલની મુલાકાત લીધી હતી અને પોતાના પાલતુ સિરાજુદ્દીન હક્કાનીને ગૃહમંત્રીની ખુરશી અપાવી દીધી. આ બધાની વચ્ચે હવે ખુલાસો થયો છે કે ચીનના એક પ્રતિનિધિમંડળે ગયા સપ્તાહે અમેરિકાના સૌથી મોટા સૈન્ય એરબેઝ રહી ચૂકેલા બગરામ એરબેઝની ગુપચુપ મુલાકાત લીધી હતી. આ ખુલાસાથી ભારતનું ટેન્શન વધી ગયું છે. ચીનની ગુપ્તચર એજન્સી અને સેનાના ઉચ્ચ અધિકારીઓનું પ્રતિનિધિમંડળ શું કામ બગરામ એરબેઝ ગયું હતું. જો કે એ ખબર પડી ગઇ છે કે તેઓ કથિત રીતે અમેરિકન લોકોની વિરૂદ્ધ પુરાવા અને આંકડા એકત્રિત કરી રહ્યા હતા. એવું પ્રતીત થઇ રહ્યું છે કે ચીની જાસૂસ ત્યાં તાલિબાન અને પાકિસ્તાનની મદદથી એક 'ગુપ્ત કેન્દ્ર' બનાવ્યા હતા જેથી કરીને તેના શિંજિયાંગ પ્રાંતમાં ઉઇગર મુસ્લિમોને અપાતી કોઇ પણ મદદ પર બાજ નજર રાખી શકે. ચીની જાસૂસ પાકિસ્તાનના રસ્તા માર્ગથી અફઘાનિસ્તાન આવ્યા હતા જેથી કરીને કાબુલ એરપોર્ટ પર તેની ઉપર નજર રાખી શકાય. બીજીબાજુ ચીની જાસૂસોના બગરામ એરફીલ્ડના પ્રવાસથી ભારતની ચિંતા ગંભીર રીતે વધી ગઇ છે. ભારત સરકારના ઉચ્ચ પદસ્થ સૂત્રોએ કહ્યું કે અમે ચીની દળના પ્રવાસની પુષ્ટિ કરી રહ્યા છીએ. આ ગંભીર છેપજો તેમણે પાકિસ્તાન સાથે મળીને ત્યાં કોઇ અડ્ડા બનાવ્યા તો. આ આખા ક્ષેત્રમાં આતંકવાદ અને અસ્થિરતાને વધારી દેશે.

## અફઘાન ક્રિકેટ ચીફને હટાવી નસીબુલ્લાહ હક્કાનીને તાલિબાને સોંપી કમાન

કાબુલ, તા.૨૧

તાલિબાને અફઘાન પર કબ્જા બાદ જે વચગાળાની સરકાર બનાવી છે. તેમાં કેટલાક મોસ્ટ વોન્ટેડ આતંકી સામેલ છે. જેમાં ગૃહમંત્રી આતંકીઓના નેટવર્કના મુખિયા છે. રક્ષામંત્રીના પિતાએ ખુલ તાલિબાનનો પાયો મુક્યો હતો. કાર્યવાહક પીએમ મોહમ્મદ હસન અખુંદ પોતે UNSCના આતંકીઓની યાદીમાં સામેલ છે.અફઘાનિસ્તાનમાં સરકાર બનાવ્યા બાદ તાલિબાન સમગ્ર રીતે મનમાની કરી રહ્યુ છે.

હવે તાલિબાને અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડના ચીફ ( મુખ્ય કાર્યકારી ડિરેક્ટર) ને હટાવી દીધા છે. તેની નવા તાલિબાન સાથે જોડાયેલા સદસ્યને આ કમાન સોંપવામાં આવી છે. અત્યાર સુધી હામિક શિનવારી અફઘાન ક્રિકેટ બોર્ડના કાર્યકારી ડાયરેક્ટર હતા. તેમણે પોતાની ફેસબુક પોસ્ટમાં જાણકારી આપી છે કે તેમને તાલિબાનથી હટાવી દેવાયા છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડના સત્તાકીય ફેસબુક પેજ પર પણ નસીબુલ્લાહ હક્કાનીના નવા મુખ્ય કાર્યકારી નિદેશક (CEO) બનવાનુ એલાન કરી દીધુ છે. મળતી જાણકારી અનુસાર, હામિક શિનવારીને તાલિબાનના નવા ગૃહ મંત્રી સિરાજુદ્દીન હક્કાનીના નાના ભાઈ અનસ હક્કાનીને હટાવ્યા છે. હામિદ શિનવારી લખે છે કે તેમને હટાવ્યાનુ કારણ જણાવાયુ નથી. બસ એટલુ જણાવ્યુ કે તેમની જગ્યાએ નસીબુલ્લાહ હક્કાનીને અફઘાન ક્રિકેટ બોર્ડના કાર્યકારી ડાયરેક્ટર બનાવવામાં આવશે. અફઘાન ક્રિકેટ બોર્ડના નવા ચીફ નસીબુલ્લાહ હક્કાની કોણ છે? તે સિરાજુદ્દીન હક્કાનીના કોઈ સંબંધી છે? આ હમણા સ્પષ્ટ નથી.

## પાકિસ્તાનના ચાર અણુ ઉર્જા પ્લાન્ટસ માટે ચીન સાથે કરાર કરાયો

તેલ અવીવ , તા.૨૧

ચીન પાકિસ્તાનના અણુઉર્જા પ્લાન્ટમાં રિફ્યુઅલિંગ આઉટેજ, ટૈકનિકલ અપગ્રેડેશન અને સ્પેરપાર્ટ પુરાં પાડવાની જવાબદારી પણ નિભાવશે. મુખ્ય કરારને પાર પાડવા માટે જરૂરી પૂરક કરારો પણ ભવિષ્યમાં કરવામાં આવશે તેમ આ બ્લોગમાં જણાવ્યું હતું.આ કરારમાં આ ચાર પ્લાન્ટસ બાંધવા અને તેની જાળવણી કરવા ઉપરાંત ચીન પાકિસ્તાનમાં તમામ અણુ ઉર્જા પ્લાન્ટસની જાળવણી અને સંચાલનની કામગીરીમાં પણ જોડાશે.ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયલના અહેવાલ અનુસાર મુઝફ્ફરપુરમાં બંધાનારા અણુ ઉર્જા પ્લાન્ટની જગ્યાઓ પંજાબમાં મુઝફ્ફરગઢથી ૩૨ કિલોમીટરના અંતરે કોટ અડુ તહેસિલામાં તાન્સા-પંજનાદ લિંક કેનાલના કિનારે નક્કી કરવામાં આવી છે. તમામ સંજોગોમાં એકમેકના સાથી ગણાતાં ચીન અને પાકિસ્તાને દસ વર્ષ માટે નવા અણુકરાર કર્યા છે જેને કારણે દુનિયામાં અણુશસ્ત્ર દોડ વધવાની અને વિવાદ ઉભાં થઇ શકે છે તેમ ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયલમાં ફેબિયન બોસાર્ટે તેના બ્લોગમાં જણાવ્યુ હતું. આ બ્લોગમાં જણાવાયું છે કે આ અણુકરાર ભયંકર છે. આઠ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ પાકિસ્તાનના પાકિસ્તાન એટમિક એનર્જી કમિશન-પીએઇસી અને ચીનની ઝોગયુઆન કોઓપરેશન વચ્ચે અણુ ઉર્જા સહકાર વધારવા માટે કરાર થયા છે. ૨૦ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ ઉચ્ચ સ્તરે યોજાયેલી એક બેઠકમાં આ કરારને અંતિમ ઓપ આપવામાં આવ્યો હતો. વરચ્યુઅલ મોડમાં કરવામાં આવેલા આ કરાર દસ વર્ષ માટે માન્ય ગણાશે. આ કરારમાં ન્યુક્લિયર ટેકનોલોજી ટ્રાન્સફર, યુરેનિયમ માઈનિંગ અને પ્રોસેસિંગ અણુ બળતણ પુરવઠો અને રિસર્ચ રિએક્ટર સ્થાપવા જેવી બાબતોને આવરી લેવામાં આવી હોવાનું મનાય છે.

## બંગાળની ખાડીને લઈને ભારત વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રમાં પહોંચ્યું બાંગ્લાદેશ

નવી દિલ્હી તા.૨૧

બંગાળની ખાડી દક્ષિણ અશિયન વિસ્તારમાં રણનૈતિક રૂપે ખૂબ મહત્ત્વપૂર્ણ છે જે બાંગ્લાદેશ, ભારત અને મ્યાંમાર જેવા દેશો વચ્ચે વિભાજિત છે. બંગાળની ખાડી ખાસ કરીને બાંગ્લાદેશ માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે, આ જગ્યા હિલ્સા અને અન્ય કેટલીક માછલીઓનો મુખ્ય સ્ત્રોત છે. કિનારા પાસે રહેનારા લાખો લોકો બંગાળની ખાડીમાં માછલી પકડીને ગુજરાન ચલાવે છે.બાંગ્લાદેશે સંયુક્ત રાષ્ટ્ર (UN)ને અપીલ કરી છે કે, બંગાળની ખાડીના દક્ષિણી ભાગમાં સમુદ્રી સીમાને લઈને ભારત સાથે જૂના વિવાદને સોલ્વ કરવામાં આવે. એક રિપોર્ટ મુજબ, સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયમાં બાંગ્લાદેશના એક સ્થાયી મિશને ભારત વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને બે અપીલ દાખલ કરી છે.

બાંગ્લાદેશના પૂર્વ સચિવ શાહીદુલ હકે એનાદોલુ એજન્સી સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, આ વિવાદ બંને દેશો વચ્ચે ઘણા વર્ષોથી પેન્ડિંગ છે. આ મુદ્દાને લઈને બંને દેશો વચ્ચે ડઝનો દ્વિપક્ષીય બેઠક પણ થઈ છે પરંતુ. તેઓ આ મુદ્દાનું નિવારણ કરવામાં અસફળ રહ્યા છે. તેમણે આગળ કહ્યું કે, હવે બંને દેશોએ સંયુક્ત રાષ્ટ્રમાં જવાનો નિર્ણય લીધો છે અને અમને આશા છે કે સંયુક્ત રાષ્ટ્ર આ મુદ્દે સ્થાયી સમાધાન કાઢવામાં સફળ રહેશે. તેમણે એમ પણ કહ્યું કે, બાંગ્લાદેશે સંયુક્ત રાષ્ટ્રમાં અરજી દાખલ કરવા સાથે જ પોતાની ભૂમિકા ભજવી દીધી છે. આ વર્ષના એપ્રિલ મહિનામાં ભારતે સંયુક્ત રાષ્ટ્રને પત્ર લખીને બાંગ્લાદેશ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી બેઝ લાઈનને લઈને વિરોધ વ્યક્ત કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# ગુજરાતની જુના મંત્રીમંડળના નિર્ણયો હવે નવા મંત્રીઓ બદલી નાંખશે..!!

***ગુજરાત સરકારના સો ટકા પ્રધાનોને રિપ્લેસ કરી દેવામાં આવ્યા ત્યારબાદ ગુજરાતના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને તેમના પ્રધાન મંડળના મંત્રીઓ પ્રજા વિરોધી નિર્ણયોને ઉલટાવે તેવી પ્રજાજનોની અપેક્ષા છે. ગુજરાત સરકારની વીજ વિતરણ કંપનીઓએ પાવર પરચેઝ એગ્રીમેન્ટ કરનારાઓને ફોન કરી કરીને તેમના કરારો રદ કરી જેવાની ફરજ પાડી છે. પરિણામે ૪૦૦૦માંથી ૨૬૦૦ જેટલા લોકોએ કરારા રદ કર્યા છે. તેથી સરકાર સાથે કરાર કર્યા પછી રૂા. ૧૦,૦૦૦ કરોડનું ઇન્વેસ્ટમેન્ટ કરનારાઓને રૂા. ૨૨૦૦ કરોડનું નુકસાન થયું હોવાની ફરિયાદ થઈ છે. રણાં કરીને નિર્ણય લેવાની તેમણે ખાતરી આપી છે. અત્યારે તો તેઓ વિધાનસભાના સત્ર માટેની તૈયારીમાં હોવાનું તેમણે જણાવ્યું હતું. પાવર પરચેઝ એગ્રીમેન્ટ થયાના એક જ મહિના બાદ ગુજરાત સરકારે કરારમાંથી હટી જવાનો નિર્ણય કરીને ગુંલાટ મારી હોવાથી પ્રજા સાથે સરકારે દગો કર્યો હોવાની લાગણી બળવતર બની છે.સોલાર પાવર પરની સબસિડી પાછી ખેંચી લેવાના અંગે ઉદ્યોગ ખાતાના, ૧૯૮૨થી ૧૯૯૯ના ગાળામાં વેચાયેલી મિલકતના એલોટમેન્ટ લેટર પર સ્ટેમ્પ ડયૂટી વસૂલવાના, કોરોનાના કાળમાં ઓક્સિજન અને રેમડેસિવિરની અછતને કારણે જાન ગુમાવનારા સેંકડો હજારો દર્દીઓના સ્વજનોની નારાજગી દૂર કરવામાં ગુજરાતના નવા પ્રધાનમંડળના મંત્રીઓ અને નવા મુખ્યમંત્રી સફળ થશે કે કેમ તે એક ચર્ચાનો વિષય બન્યો છે. આ જ રીતે મહેસૂલ મંત્રી કૌશિક પટેલેના નેતૃત્વ હેઠળ સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ ૧૯૮૨થી ૧૯૯૯ના ગાળામાં મિલકતોની ખરીદી કરનારાઓને આપવામાં આવેલા એલોટમેન્ટ લેટર પર સ્ટેમ્પ ડયૂટી વસૂલવાનો વિવાદાસ્પદ નિર્ણય લઈને રજિસ્ટ્રેશન માટે આવેલા સેંકડો હજારો દસ્તાવેજોને ટલ્લે ચઢાવી દીધા છે. આ નિર્ણયને પરિણામે બે ચાર વાર હાથ બદલા થઈ ચૂકેલી મિલકતો પર પણ સ્ટેમ્પ ડયૂટીની જવાબદારી આવી ગઈ છે. તેમના દસ્તાવેજોનુ રજિસ્ટ્રેશન કરવાને બદલે ડેપ્યુટી કલેક્ટર (સ્ટેમ્પ)ને મોકલી આપવામાં આવે છે. કલેક્ટર કચેરીના કોઈપણ અધિકારીઓ તેમને માથે જવાબદારી લેવા ન માગતા હોવાથી તેના પર સ્ટેમ્પ ડયૂટી વસૂલવી કે નહિ તે અંગે નિર્ણય લેવાનું ડેપ્યુટી કલેક્ટર પર છોડી રહ્યા છે. સુપરિનટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ દ્વારા ૧૯૮૨થી ૧૯૯૯ના ગાળામાં મિલકતના એલોટમેન્ટ લેટર પર સ્ટેમ્પ ડયૂટી વસૂલવાના કરવામાં આવેલા પરિપત્રને પરિણામે અટકી પડેલા દસ્તાવેજોને કારણે હાલાકીનો સામનો કરી રહેલી પ્રજાના પ્રશ્નોનો નવા મહેસૂલ મંત્રી ઉકેલ આપશે તેવી આશા પ્રજાજનો રાખી રહ્યા છે. નવા મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે આ બાબતમાં મારૂં ધ્યાન દોરવામાં આવી રહ્યું છે, તેનો અભ્યાસ કરી લઈને હું પણ સમય આવ્યે તે અંગે નિર્ણય લઈશ. પૂર્વ આરોગ્ય મંત્રી નીતિન પટેલના શાસન કાળમાં કોરોના કાળમાં ગુજરાત સરકાર કોરોનાનો શિકાર બનેલા દર્દીઓને ઓક્સિજન કે પછી રેમડેસિવિર તથા મ્યુકર માઈકોસિસના દર્દીઓને જરૂરી ઇન્જેક્શન પૂરા પાડવામાં નિષ્ફળ રહી હોવાથી અને તેને પરિણામે સંખ્યાબંધ દર્દીઓએ જાન ગુમાવ્યા હોવાથી ગુજરાત સરકાર વગોવાઈ હતી. તદુપરાંત ખાનગી હોસ્પિટલ્સ દ્વારા દર્દીઓ પાસે આડેધડ લેવાતા ચાર્જને અંકુશમાં લઈને વાજબી ભાવે સારવાર અપાવવામાં નવા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ શું પગલાં લેશે તેના પર નજર માંડી રહ્યા છે. જોકે ઋષિકેશ પટેલનું કહેવું છે કે એકાએક કેસો વધી ગયા હોય તેવા સંજોગોને બાદ કરતાં કોરોના કાળમાં ગુજરાત સરકારની કામગીરી ઘણી જ સારી રહી હતી. સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યુશન સોલાર પ્રોજેક્ટની યોજના હેઠળ ગુજરાત સરકારના પૂર્વ ઉર્જા મંત્રી સૌરભ દલાલના નેજા હેઠળ ચાલતી ગુજરાત ઉર્જા વિકાસ નિગમની વીજ વિતરણ કંપનીઓએ સોલાર પ્રોજેક્ટ નાખવા માટે ૪૦૦૦ ઇન્વેસ્ટર્સ સાથે યુનિટદીઠ રૂા. ૨.૮૩ના ભાવે પાવર પરચેઝ એગ્રીમેન્ટ કર્યા પછી તેમને કેપિટલ સબસિડી પેટે રૂા. ૩૫ લાખ અને વ્યાજની સબસિડી પેટે ૭ ટકા વ્યાજ માફી આપવી ન પડે તે માટે કરાર રદ કરી દેતા ગુજરાતમાં ભારે હોબાળો થયો છે.***

# મહંત નરેન્દ્રગિરિનો મૃતદેહ શંકાસ્પદ પરિસ્થિતિમાં મળ્યો

ઉત્તરપ્રદેશ, તા.૨૧

અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ અને નિરંજની અખાડાના સચિવ મહંત નરેન્દ્રગિરિ (૭૦)નો મૃતદેહ સોમવારે સાંજે શંકાસ્પદ પરિસ્થિતિમાં મળ્યો હતો. નરેન્દ્રગિરિના ચહેરા પર તણાવ દેખાઈ રહ્યો હતો. સૂતેલા હનુમાન મંદિરના કર્મચારીઓનું કહેવું છે કે તેમના વર્તનમાં પહેલાં ક્યારેય આવો ફેરફાર થયો નથી, તેઓ સંગમના કિનારે આવેલા લેટે હનુમાન મંદિરે પહોંચ્યા બાદ સવારે આઠ વાગ્યા સુધી પ્રાર્થના કરતા હતા, પરંતુ ગઈકાલે સવારે તેઓ ત્યાં ગયા ન હતા. લોકોને લાગ્યું કે મહંતની તબિયત સારી નહીં હોય, તેથી તેઓ નથી આવ્યા.

મહંત નરેન્દ્રગિરિએ પોતાની સુસાઈડ નોટમાં દરેક મુદ્દા લખ્યા છે. તેમણે એ નોંધમાં પણ લખ્યું છે કે તેમની સમાધિ મઠમાં આવેલા લીમડાના ઝાડ નીચે યજ્ઞશાળા પાસે બનાવવામાં આવે. આહવાન અખાડાના કમલગિરિ મહારાજે પણ જણાવ્યું હતું કે અગાઉ વાતચીત દરમિયાન તેમણે બ્રહ્મલીન થવા પર મઠમાં જ સમાધિ બનાવવાની વાત કરી હતી.મહંત નરેન્દ્રગિરિની અંતિમયાત્રા સંગમ કિનારે સ્થિત સૂતેલા હનુમાન મંદિરે પણ લઈ જઈ શકાય છે, જેના માટે મઠ દ્વારા તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે. જયારે રાત્રે જ ૧૩ અખાડાના સાધુ-સંતો બાધંબરી મઠ પહોંચ્યા અને શોક વ્યક્ત કરીને શ્રદ્ધાંજલિ આપી. તેમણે એમ પણ કહ્યું હતું કે સરકારે ઝ્રમ્ૈં તપાસ કરાવવી જોઈએ.આશ્રમના જે રૂમમાં જ્યાં મહંત નરેન્દ્રગિરિ મૃત હાલતમાં મળી આવ્યા હતા ત્યાં આશરે એક વાગ્યે તેઓ આરામ કરવા ગયા હતા. ત્યાંના સ્ટાફ અને શિષ્યોએ કહ્યું હતું કે તેઓ ઘણીવાર પહેલા માળે રહેલા રૂમમાં જ આરામ કરતા હતા. જયારે ગ્રાઉન્ડ ફ્લોર રૂમમાં, જ્યારે તેમને થોડો સમય રોકાવાનો હોય ત્યારે જ જતા હતા. સોમવારે તેઓ બપોરે એક વાગ્યાની આસપાસ ગ્રાઉન્ડ ફ્લોર રૂમમાં આરામ કરવા ગયા હતા. સાંજે ૫:૨૦ વાગ્યે તેમના મોતની જાણકારી મળી હતી.

# રાજ્યકક્ષાના 'વાણિજ્ય ઉત્સવ' નો અમદાવાદ ખાતેથી શુભારંભ કરાવતા કેન્દ્રીય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ

ભારતના ૪૦૦ બિલયન ડોલર નિકાસ લક્ષ્યાંકના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જોયેલા સ્વપ્નને "વાણિજ્ય ઉત્સવ" થકી વેગ મળશે તેમ કેન્દ્રીય રેલ્વે અને કાપડ મંત્રી શ્રીમતી દર્શાનાબેન જરદોશે અમદાવાદ ખાતેના રાજ્યકક્ષાના "વાણિજ્ય ઉત્સવ"ના શુભારંભ પ્રસંગે જણાવ્યું હતુ. રાજ્યમાં યોજાયેલ બે દિવસીય 'વાણિજય ઉત્સવ' રાજના ઉધોગકારોઅને રોકાણકારોને પારસ્પરિક ચર્ચા-વિચારણા અને વિચારોના આદાન પ્રદાન કરવા એક કડીરૂપ સાબિત થશે. જેના થકી રાજ્યની ઔધોગિક શક્તિ વધુ પ્રબળ બનશે તેવો ભાવ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

દેશની નિકાસક્ષેત્રમાં રાજ્યનું યોગદાન ૨૦ટકા થી વધુ છે.ગુજરાતમાં કૃષિ,ખાધ, ડેરી, રસાયણ, કપડા, આભૂષણો, જેમ્સ, ફાર્મા, ખનીજ વગેરે જેવી ચીજવસ્તુઓના ઉત્પાદને હરણફાળ ભરી છે.જેના થકી જ રાજ્યનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. આજે ગુજરાતનું વિકાસમોડલ દેશના અન્ય રાજ્યોએ પણ સ્વીકાર્યું છે.

તાજેતરમાં જ કેન્દ્ર સરકાર દ્વારા ફાર્મા, ટેક્સટાઇલ, ટેલીકોમ ઉધોગ ક્ષેત્રે ૧૧ થી વધુ પી.એલ.આઇ.(Productivity linked incentives) સ્કીમ લોન્ચ કરીને રોકાણકારોને આકર્ષવાના પ્રયાસો કર્યા છે. આજે દેશના રોકાણકારો માટે આ ક્ષેત્રમાં રોકાણ કરવા માટેની સુર્વણતક ઉભી કરી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં શરૂ કરેલી વાઇબ્રન્ટ સમીટે આજે દેશ અને વિદેશના રોકાણકારોને રાજ્યમાં રોકાણ કરવા આકર્ષ્યા છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આરંભેલા આત્મનિર્ભર અભિયાન દેશને વિવિધ ચીજ-વસ્તુઓના ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બનાવી રહ્યું છે. જેણે રોજગારીમાં પણ વધારો થઇ રહ્યો છે. દેશમાં ઉત્પાદન થતી ચીજવસ્તુઓની નિકાસને વેગ આપવા માટે જ દેશભરના વિવિધ રાજ્યો અને જિલ્લા સ્તરે વાણિજય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. કોરોનાકાળમાં વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પ્રતિકૂળ અસરો જોવા મળી છે. તેવી પરિસ્થિતિઓ વચ્ચે પણ દેશ આર્થિક શક્તિ તરીકે ઉભરી રહ્યું છે ત્યારે નિકાસ સેવાઓને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. રાજ્યકક્ષાના ઉધોગમંત્રી શ્રી જગદિશભાઇ વિશ્વકર્માએ આ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશમાં વિકાસની રાજનીતીનો આરંભ કર્યો છે. નરેન્દ્રભાઇ મોદીના વિઝનના કારણે દેશ આજે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. તેઓએ પોતાના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન રાજ્યની ઔધોગિક નીતિમાં પણ ઘણા બદલાવ કર્યા હતા. વર્ષ ૨૦૦૧-૦૨ માં રાજ્યમાં ૧૦૦૮ કરોડની નિકાસ હતી જે આજે ૨૦૨૧ માં ૪.૪૮ લાખ કરોડ સુધી પહોંચી છે જે નરેન્દ્રભાઇ મોદીના દીધર્દ્રષ્ટિનું પરિણામ છે, તેમ પણ તેમણે જણાવ્યું હતું. દેશમાં ૪.૨૦ લાખ સ્જીસ્ઈ ઉધોગોની નોંધણી થઈ છે, જેમાં ગુજરાતનો ફાળો ૧૦ ટકા જેટલો છે. આમ, ગુજરાત રાજ્ય અન્ય રાજ્યોના રોકાણકારો અને ઉધોગકારો માટે લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનિટી તરીકે ઉભરી આવ્યું છે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વાયબ્રન્ટ ગુજરાત સમિટિનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૦૩ માં શરૂ કરેલી વાઇબ્રન્ટ સમિટની ૯ મી સમિટનું ટૂંક સમયમાં આયોજન થશે ત્યારે અત્યાર સુધીમાં રાજયમાં યોજાયેલ ૮ વાઇબ્રન્ટ સમિટમાં ૧ લાખ કરતા પણ વધારે એમ.ઓ.યુ. થયા છે. જે સ્પષ્ટપણે દર્શાવિ છે રાજ્યની રોકાણનીતિ દેશ-વિદેશના રોકાણકારોને આકર્ષી રહી છે. વાણિજય ઉત્સવ કાર્યક્રમમાં કેન્દ્ર સરકારના કોમર્સ વિભાગના સંયુક્ત સચિવ શ્રી શ્યામલ મિશ્રા, રાજયના ઈન્ડ્રસ્ટ્રીઝ કમિશ્નર ડૉ. રાહુલ ગુપ્તા, ઈન્ડેક્ટ્સ.B-ના એમ.ડી. નીલમ રાની, કેમેકિશલના ચેરમેન શ્રી એસ.જી.મોક્સી, ટેક્સપ્રોસીલના વાઇસ ચેરમેન શ્રી સુનિલ પટવારી સહિત મોટી સંખ્યામાં ઉધોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

-અમિતસિંહ ચૌહાણ

# કોટનમાં ૮,૯૦૦ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૨૩૦નો ઉછાળો

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૪૩,૬૭૩ સોદાઓમાં કુલ રૂ.૧૧,૪૬૨.૩૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના સપ્ટેમ્બર વાયદામાં ૧૦૩ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના સપ્ટેમ્બર વાયદામાં ૩૫૫ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૯,૬૩૪ સોદાઓમાં કુલ રૂ.૩,૫૫૮.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૬,૨૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૬,૩૫૫ અને નીચામાં રૂ.૪૬,૧૩૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૬ વધી રૂ.૪૬,૩૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૫ વધી રૂ.૩૭,૩૪૨ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ વધી રૂ.૪,૬૧૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૨૯૭ના ભાવે ખૂલી, રૂ.૩૭ વધી રૂ.૪૬,૩૩૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૯,૬૪૦ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૫૭૫ અને નીચામાં રૂ.૫૯,૪૬૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૩૦ વધી રૂ.૬૦,૩૩૯ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬૬૫ વધી રૂ.૬૦,૫૬૨ અને ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬૭૪ વધી રૂ.૬૦,૫૫૬ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં એમસીએક્સ પર ૧૭,૨૬૮ સોદાઓમાં રૂ.૩,૦૬૫.૭૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૫૦ વધી રૂ.૨૨૯.૨૦ અને જસત સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩.૫૫ વધી રૂ.૨૫૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૧૫ વધી રૂ.૭૦૬.૮૦ અને નિકલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫.૩ વધી રૂ.૧,૪૪૯.૭૦ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૬૫ વધી રૂ.૧૮૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં એમસીએક્સ પર ૩૪,૫૩૨ સોદાઓમાં કુલ રૂ.૨,૭૨૪.૫૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૨૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૨૭૬ અને નીચામાં રૂ.૫,૨૨૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૧ વધી રૂ.૫,૨૪૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૬૦ ઘટી રૂ.૩૬૬.૬૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં એમસીએક્સ પર ૧,૮૫૬ સોદાઓમાં રૂ.૧૫૬.૧૯ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૩૭૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૩૯૧ અને નીચામાં રૂ.૧૩૭૪ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨.૫૦ વધી રૂ.૧,૩૮૪.૫૦ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર સપ્ટેમ્બર વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૯૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૨૩૫ અને નીચામાં રૂ.૧૬,૭૫૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩ વધી રૂ.૧૭,૧૦૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૧૦.૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૧૯ અને નીચામાં રૂ.૧૧૦૮.૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫.૮૦ વધી રૂ.૧૧૧૬ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૦.૨૦ ઘટી રૂ.૯૧૧ અને કોટન ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૨૩૦ વધી રૂ.૨૫,૩૯૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૨,૦૨૨ સોદાઓમાં રૂ.૧,૬૭૯.૯૨ કરોડનાં ૩,૬૩૧.૫૯૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૫૭,૬૧૨ સોદાઓમાં કુલ રૂ.૧,૮૭૮.૯૨ કરોડનાં ૩૧૨.૩૦૮ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૩૫૮.૩૦ કરોડનાં ૧૫,૭૬૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૪૨૦.૮૩ કરોડનાં ૧૬,૫૫૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૩૫૮.૬૭ કરોડનાં ૧૯,૨૩૨.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૮૦૪.૭૭ કરોડનાં ૫,૫૮૧.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૨૩.૨૧ કરોડનાં ૬,૬૬૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૭,૫૨૦ સોદાઓમાં રૂ.૬૦૧.૦૫ કરોડનાં ૧૧,૪૫,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭,૦૧૨ સોદાઓમાં રૂ.૨,૧૨૩.૪૮ કરોડનાં ૫,૭૫,૯૮,૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૫ સોદાઓમાં રૂ.૦.૧૪ કરોડનાં ૨૦ ટન અને કોટનના વાયદાઓમાં ૩૨૮ સોદાઓમાં રૂ.૨૨.૫૨ કરોડનાં ૮૯૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૬૯૦ સોદાઓમાં રૂ.૨૪.૮૮ કરોડનાં ૨૭૦.૩૬ ટન, રબરના વાયદાઓમાં ૬૩ સોદાઓમાં રૂ.૧.૧૮ કરોડનાં ૭૦ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૭૭૦ સોદાઓમાં રૂ.૧૦૭.૪૭ કરોડનાં ૯,૭૫૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૫૮૨.૧૩૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૦૩.૩૬૬ ટન, એલ્યુમિનિયમમાં ૨૦,૩૫૫ ટન, જસત વાયદામાં ૯,૭૯૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૨,૭૬૭.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૨,૬૯૭૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૮,૨૮૦ ટન, ક્રૂડ તેલમાં ૪,૨૨,૬૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૪૦,૧૦,૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૬૦ ટન, કોટનમાં ૫૬૯૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૬ ટન, રબરમાં ૬૫ ટન, સીપીઓમાં ૮૧,૫૦૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૨,૦૧૪ સોદાઓમાં રૂ.૧૭૨.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૭૭૮ સોદાઓમાં રૂ.૬૦.૮૬ કરોડનાં ૮૮૪ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૨૩૬ સોદાઓમાં રૂ.૧૧૧.૩૯ કરોડનાં ૧,૪૦૦ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૨,૮૨૭ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૭૮૪ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૭૩૫ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૩,૮૦૯ અને નીચામાં ૧૩,૭૦૬ના સ્તરને સ્પર્શી, ૧૦૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૧ પોઈન્ટ વધી ૧૩,૭૮૨ના સ્તરે પહોંચ્યો હતો, જયારે મેટલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૫,૮૬૦ના સ્તરે ખૂલી, ૩૫૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૧૦ પોઈન્ટ વધી ૧૫,૯૩૮ના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, એમસીએક્સ પર કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૧૮,૩૬૯ સોદાઓમાં રૂ.૧,૭૮૪.૭૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૩૦.૦૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૬.૨૭ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૨૮૭.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

# વિધાનસભા ખાતે આગામી દિવસોમાં બે દિવસીય ચાલનારા સત્રને ધ્યાને રાખીને કોંગ્રેસ પક્ષનાં ખંડમાં પક્ષના તમામ ધારાસભ્યોની બેઠક મળી

આગામી વિધાનસભા સત્રને અનુલક્ષીને વિધાનસભા કોંગ્રેસ પક્ષના ધારાસભ?યશ્રીઓની બેઠક ગુજરાત પ્રદેશ કોંગ્રેસના માન. પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડા તથા વિધાનસભા વિરોધપક્ષના માન. નેતાશ્રી પરેશભાઈ ધાનાણીની આગેવાનીમાં વિધાનસભા ખાતે મળી હતી. સદર બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા અને સિદ્ધાર્થભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ પ્રેસ અને મીડીયાના પ્રતિનિધિઓને સંબોધતાં વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઈ ધાનાણીએ જણાવ?યું હતું કે, માત્ર બે દિવસ માટે વિધાનસભાના ટૂંકા સત્રનું આયોજન થયું છે ત?યારે વિધાનસભા સત્રના દિવસો વધારવામાં આવે તેવી વિધાનસભા કોંગ્રેસ પક્ષે લાગણી અને માંગણી વ?યક?ત કરી છે. વિધાનસભા સત્રમાં કોરોના કાળમાં અકારણ શહીદ થયેલા કેટલાય કોરોના મૃતકને સામુહિક શ્રદ્ધાંજલિનો ઠરાવ લાવવાની પણ કોંગ્રેસ પક્ષે લાગણી અને માંગણી વ?યક?ત કરી છે. તૌકતે વાવાઝોડામાં સહાયમાં વિસંગતતા અને વિલંબતાને નિવારવા માટેનો ઠરાવ પસાર કરવામાં આવ?યો છે. તાજેતરમાં દેવભૂમિ-દ્વારકા, જામનગર અને રાજકોટ સહિત સૌરાષ?ટ્રમાં અતિવૃષ?ટિથી જે મોટી તારાજી સર્જાઈ છે તેનાથી લોકોના જાન-માલ, પશુધન, ઘરવખરી, ઉભા પાક, ખેતીની જમીનોને થયેલ નુકસાનનું રાજ્ય સરકાર સત?વરે પારદર્શી રીતે વળતર ચૂકવે તે માટે ઠરાવ પસાર કરવામાં આવ?યો છે. ભાજપના રાજમાં શિક્ષણનું ખાનગીકરણ, ફી માફીયાઓના આતંકમાંથી સામાન?ય મધ?યમવર્ગીય પરિવારોને બચાવવા માટે કોરોના કાળમાં તમામ સરકારી તથા ખાનગી શાળા-કોલેજોમાં છ માસની ફી માફ કરવાનો ઠરાવ કર્યો છે. પ્રાથમિક શિક્ષકોને સમાન ધોરણે જૂની પેન?શન યોજના મુજબ પેન?શન ચૂકવવામાં આવે તેવી માંગણી કરી છે અને સ?કુલ ઓફ એક?સલન?સના બહાને સરકારી તિજોરીને લૂંટાવવા માટે સરકારે જે ષડયંત્ર રચ?યું છે તેમાંથી ગુજરાતના ભવિષ?યને બચાવવાની ચિંતા વ?યક?ત કરી છે.

કોવિડ ન?યાય અભિયાન અંતર્ગત કોંગ્રેસ પક્ષનો દરેક કાર્યકર્તા કોવિડ વોરીયર બની આગામી ત્રીજી-ચોથી કે પાંચમી લહેરમાં સામાન?ય માણસના જાનમાલના રક્ષણ માટે જાગૃતિ અભિયાનને આગળ વધારે, કોવિડ મૃતક પરિવારને ચાર લાખ રૂપિયાનું વળતર મળે, કોવિડના દર્દીઓને ખાનગી હોસ?પિટલોમાં લૂંટાવું પડયું તેનું સંપૂર્ણ વળતર મળે, સામાન?ય માણસનો જીવ બચાવતા જે કોવિડ વોરીયર શહીદ થયા છે તેમના પરિવારજનને સરકારી નોકરી મળવી જોઈએ. સરકારની ગુનાહિત બેદરકારીના કારણે ભારે મોટી જાનહાનિનો ભોગ ગુજરાતના સામાન?ય લોકો બન?યા છે. અંદાજે ત્રણ લાખ કરતાં વધુ લોકોએ કોરોના મહામારીમાં આરોગ?ય સુવિધાના અભાવે શહીદી વહોરવી પડી છે ત?યારે સરકારની આ ગુનાહિત બેદરકારીની નિષ?પક્ષ તપાસ થાય તે અંગે પણ વિધાનસભા કોંગ્રેસ પક્ષે ઠરાવ પસાર કર્યો છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષ દ્વારા બેઠકમાં સાંપ્રત સમસ?યાઓના નિવારણ માટે બૃહદ્? ચર્ચા કરવામાં આવી હતી. આજે સાંપ્રત સમયમાં આર્થિક મંદીની મોકાણ છે, કાળઝાળ મોંઘવારી, વધતી જતી બેરોજગારી, સરકારી તંત્ર દ્વારા અત?યાચાર, સરકારી કચેરીઓમાં ભ્રષ?ટાચાર, પેટ્રોલ-ડીઝલ-રાંધણગેસના વધતા જતા ભાવ, કોવિડ પ્રોટોકોલના તમામ કેસ પરત ખેંચવા, માસ?કના નામે થતી લૂંટ બંધ કરવા, કોરોના કાળ દરમ?યાન શૈક્ષણિક વર્ષદીઠ શાળા કોલેજોમાં અભ?યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની છ માસ સુધીની ફી માફ કરવા, કોરોના કાળ દરમ?યાન સ?થાનિક સ?વરાજ?યની સંસ?થા દ્વારા ઉઘરાવાતા સંપૂર્ણ કરવેરા માફ કરવા, કોરોના કાળ દરમ?યાન ઘરવપરાશના વીજબિલમાં રાહત આપવી, ગ્રામીણ બસના બંધ થયેલ રૂટ સત?વરે શરૂ કરવા, કૃષિ ઉપજના ટેકાના ભાવે ખરીદીનો કાયદો ઘડવા અને ખેડૂત વિરોધી ત્રણ કાળા કાયદા રદબાતલ કરવા, ગુજરાતનો ખેડૂત દેવાના બોજ નીચે દબાયેલો છે ત?યારે ૩૬ લાખ કરતાં વધારે નાના અને સીમાંત ખેડૂતોના ખેતીવિષયક દેવા સંપૂર્ણ માફ કરવા, મોટેરા સ?ટેડીયમાં સરદાર સાહેબના સ?વાભિમાનનું પુનઃસ?થાપન થાય તે માટે પાટીદાર સમાજનું નેતૃત?વ કરતા નવનિયુક?ત મુખ?યમંત્રી વિધાનસભા સત્રમાં મોટેરા ખાતે નરેન?દ્ર મોદી સ?ટેડીયમનું પુનઃ સરદાર પટેલ સ?ટેડીયમ તરીકે નામાભિધાન થાય તે અંગેના ઠરાવ પસાર કર્યા હતા.

સાબરમતી આશ્રમ આઝાદીના આંદોલનનું એકમાત્ર સંભારણું છે, તેની ઓળખ-વારસો અને સંસ?કારોનું જતન થાય તે માટે વિધાનસભા કોંગ્રેસ પક્ષે ઠરાવ પસાર કર્યો છે. ફીક?સ પગાર, કરાર આધારિત અને આઉટસોર્સીંગ કર્મચારીઓના શોષણને બંધ કરવા માટે પણ વિધાનસભા કોંગ્રેસ પક્ષે ઠરાવ પસાર કર્યો છે. સમાનતા અને સદ્?ભાવનાના પાયા ઉપર ઉભું થયેલું ભારત અને ગાંધી અને સરદારના ગુજરાતમાં આવતા દિવસોમાં વર્ગવિગ્રહની સ?થિતિને રોકવા માટે કોંગ્રેસ પક્ષ કટીબદ્ધ છે. જાતિ અને ધર્મ આધારિત કોઈપણ કટ્ટરવાદીઓ પર આક્રમક વલણથી નિયંત્રણ કરવાનો કોંગ્રેસ પક્ષે સંકલ?પ કર્યો છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, વિધાનસભા કોંગ્રેસ પક્ષની ટીમ-૬૫ આગામી ૧૩ મહિના એટલે ૫૪ અઠવાડીયા નક્કર આયોજન સાથે આગળ વધશે. ભાજપની નિષ?ફળ નીતિઓને ઉજાગર કરવા ભાજપ સરકારની સમાંતર સરકાર એટલે કે શેડો મિનિસ?ટ્રીની રચના કરશે. વિધાનસભા કોંગ્રેસ પક્ષ આગામી ચોમાસુ સત્રમાં લોકોની વેદનાને આક્રમકતાથી વાચા આપવા, જનતાની સમસ?યાના સમાધાન માટે નિષ?ઠાપૂર્વક પ્રયાસ કરશે અને ભાજપના સળંગ અને સતત ૨૫ વર્ષના શાસન પછી પણ તમામ મોરચે નિષ?ફળ નીવડેલ અને રીમોટ કન?ટ્રોલથી ચાલતી રૂપાણી સરકારને ઘરે બેસાડી નવા નિશાળીયાઓ મારફત ગુજરાતની પ્રજાને પુનઃ છેતરવાનો ભાજપ પક્ષ જે પ્રયાસ કરી



રહ્યો છે તેમાંથી ગુજરાતની જનતા પોતાની સમસ?યાઓને વાચા આપવા અહિંસાના માર્ગે આંદોલનને આગળ ધપાવે તે માટે પ્રયાસ કરશે.

કોંગ્રેસ પક્ષ દ્વારા પસાર કરવામાં આવેલ રાજનૈતિક ઠરાવ સાંપ્રત સમસ?યાઓને ઉજાગર કરી રહ્યો છે. ૧૦૦ વર્ષમાં અતિવિકટ એવા તૌકતે વાવાઝોડાની સહાયમાં વિસંગતતા અને સરકારના સહાય નહીં ચૂકવવાના ઈરાદાઓ ઉપર સવાલ ઉઠાવાઈ રહ્યો છે. શિક્ષણનું ખાનગીકરણ થઈ રહ્યું છે, ફી માફીયોઓનો આતંક સતત વધી રહ્યો છે ત?યારે કોરોના કાળમાં મંદી-મોંઘવારી-બેરોજગારી વચ?ચે દરેક ગરીબ-મધ?યમવર્ગીય પરિવાર તેના બાળકનું ભવિષ?ય સુનિશ?ચિત કરી શકે તેની ચિંતા કરી રહ્યો છે. કોવિડ ન?યાય અભિયાન અંતર્ગત કાયદાકીય રીતે સરકારે ચૂકવવી પડતી સહાય સરકાર સત?વરે ચૂકવે તેવી લાગણી અને માંગણી કોંગ્રેસ પક્ષ વ?યક?ત કરી રહ્યો છે. વિધાનસભા કોંગ્રેસ પક્ષની લાગણી અને માંગણીને આગામી ચોમાસુ સત્રમાં નવનિયુક?ત મુખ?યમંત્રી સુધી પહોંચાડશું.

વિપક્ષ નેતાશ્રી પરેશ ધાનાણીએ જણાવ?યું હતું કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ભાજપ સરકારની નિષ?ફળતાઓને ઉજાગર કરવા કોવિડ ન?યાય અભિયાન સતત આગળ વધી રહ્યું છે. ગુજરાતમાં સરકારની વિવિધ ક્ષેત્રે નિષ?ફળતાઓને કારણે કોરોનાથી પીડિત પરિવારના અધિકારના રક્ષણ માટે કોંગ્રેસ પક્ષનો નાનામાં નાનો કાર્યકર્તા વ?યક?તિગત સ?વાર્થ છોડી લોકોના સ?વાભિમાનના રક્ષણ કાજે આંદોલનને આગળ ધપાવી રહ્યો છે. અનુભવી નેતૃત?વનું ગુજરાત કોંગ્રેસને માર્ગદર્શન મળે અને મિશન-૨૦૨૨માં આઝાદીની બીજી લડાઈને વેગ આપવા તમામ મોરચે નિષ?ફળ નીવડેલ ભાજપ સરકારને ઉખેડી ફેંકવા વિવિધ તજજ્ઞોનો લાભ લેવા માટે આજની બેઠકમાં ખુલ્લા મને ચર્ચા થઈ હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની સાત રચનાઓ

વિષય :." ગણેશોત્સવ,ગણેશજી નું શાસ્ત્રોક્ત મહત્વ વિષયક રચનાઓ(૨૨-૯-૨૦૨૧)દિવસ - ૧

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

## NOG SS No :0091:

પ્રકાર : પદ્ય

હે ગણપતિ ગજાનંદ, સુખ કર્તા દુખ હર્તા.<br>
છો લંબોદર વિનાયક, તમે વિઘ્નહર્તા.<br>
માતપિતાનાં લાડકા ને રિદ્ધિ-સિદ્ધિનાં નાથ.<br>
કાર્તિકેયનાં ભ્રાતા તમે ને મા સંતોષીના તાત.<br>
આવી બિરાજો આંગણે, જગના પાલનહાર.<br>
"શુક" તમને વિનવે કરગરીને આજ.<br>
હાથ જોડી કરું વિનંતી, બેસોને મહારાજ.<br>
વાત મારી સાંભળો, જે કરવી છે ખાસ.<br>
લાડુ મોદક બહુ ખાધાં, હવે કરો માફ.<br>
ગરીબ બિચારાં રોટલે તરસે, નિહાળો છો આપ.<br>
કોરોના મહામંદી ને હવે થશે દુષ્કાળ.<br>
એક પછી એક હોનારત, શું આદર્યું છે હાલ.<br>
હોય અમારી ભૂલો તો માંગીએ ક્ષમા આજ.<br>
કરો રહેમ અમારા પર ને સઘળી સુધારો સાંજ.<br>
નથી સહેવાતી વેદના સારી, થયા શું નારાજ?<br>
પાય પડી તમને વિનવીએ, ક્ષમા કરો મહારાજ.<br>
નહીં સુધરે દુનિયા એ વાતને પણ ન્યાય.<br>
થોડું-ઘણું સમજી લો ને, ન કરો હવે અન્યાય.<br>
છોરુ કછોરુ થાય પણ, માવતર કમાવતર ન થાય.<br>
સઘળી ભૂલો માફ કરીને, ઉગારો મહાકાય.

.જિજ્ઞાસા યુ જોષી "શુક"

---

## NOG SS No : 0044

પ્રકાર : પદ્ય

સૌ મિત્રોને ગણેશ ચતુર્થીની શુભેચ્છાઓ.

આવકારીએ<br>
હૈયે ધરી ઉમંગ<br>
ગણેશ પર્વ.<br>
ગણેશ પર્વ<br>
લાવે હર્ષ ઉલ્લાસ<br>
આનંદાનંદ.<br>
હર્ષ ઉમંગ<br>
વ્યાપ્યો ગણેશ પર્વે<br>
ચોગરદમ.<br>
ગણેશ તેડું<br>
પાવન અવસરે<br>
કરું નમન.<br>
ચઢાવું દુર્વા<br>
ગણેશ થાય રાજી<br>
પામું આશિષ.<br>
સહુનાં પ્રિય<br>
ગણેશજી આવશે<br>
મૂષકે ચઢી.<br>
હરશે વિઘ્ન<br>
શિવ પાર્વતી પુત્ર<br>
કરીએ ભક્તિ.<br>
ગણેશજીને<br>
રૂડાં બાજઠ કેરાં<br>
આસન દઉં.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

## NOG SS No : NRI Group MEM

પ્રકાર : ગદ્ય

બાપ્પાનાં આગમનનાં વધામણાં થઇ ચુક્યા છે અને એ સાથે જ પર્વાધિરાજ પર્યુષણ પર્વનાં આલંબનને પામીને અંતરમાંથી ક્રોધ, ઈર્ષા, નિંદા, અહંકાર, કઠોરતા જેવા મલિન ભાવોને દૂર કરીને નમ્રતા, સરળતા, ઉદારતા, વિશાળતા, પ્રેમ, કરુણા જેવા શુભ ભાવોને સદા માટે વહેતા કરીયે એમાં જ પર્યુષણ પર્વની ઉજવણીની સાર્થકતા છે.

હું પણ માનવ છું અને અગણિત પ્રયત્નો છતાં ભૂલને પાત્ર છું. કોઈ પણ ક્ષણે જાણે કે અજાણે ક્રોધાવેશમાં આપની ભાવના કે લાગણીને મારાં શબ્દો કે વર્તન થકી ઠેસ પહોંચાડી હોય તો મન, વચન અને કાયાથી મારાથી થયેલ ભૂલ બદલ ક્ષમા તો પ્રાર્થી જ શકું છું. માત્ર જૈન ભાઈઓ બહેનો તથા આરાધક તપસ્વીઓને જ નહિ પણ આપ સર્વેને અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્.

હું સુપેરે જાણું છું કે આપ સહુ ઉદાર ભાવે મારી ક્ષમાને માન્ય રાખશો જ ને..!! ????

વૈભવી જોષી.ઓસ્ટ્રેલિયા

---

## NOG SS No : 0089

શીર્ષક : ઘરનાં ગણેશજી

રેખા શુકલ- અમેરિકા

" ૐ ગંમ ગણેશાય નમઃ "

ગણેશ ચતુર્થી કે ગણેશ ચોથનો તહેવાર વિક્રમ સંવતની ભાદરવા સુદ ૪ના રોજ મનાવવામાં આવે છે, આ શુભ દિવસને ગણેશજીનો જન્મદિવસ માનવામાં આવે છે. આ તહેવારને સંસ્કૃત, તમિલ, તેલુગુ અને કન્નડમાં વિનાયક ચતુર્થી કે વિનાયક ચવિથી, કોંકણીમાં વિનાયક ચવથ અને નેપાળીમાં વિનાયક ચથા તરીકે પણ ઓળખવામાં આવે છે. મહારાષ્ટ્ર માં મારો જન્મ તેથી મરાઠી ની જેમ ગણેશજી માટે રવા લાડુ વળાતા ને હલદી કુમકુમ નો પણ રિવાજ અમેરિકામાં ધામધૂમથી ઉજવવાનો આનંદ છે. આ તહેવાર ૧૦ દિવસ સુધી ઉજવાયા પછી ગણપતિ વિસર્જન કરી કહેવાય છે ભૂલચૂક કરજો માફ ને વહેલા વહેલા મુજ આંગણીયે પધારજો. દયા કરો

ગણનાથ ને હંમેશા રિદ્ધિ સિદ્ધિ ના દાતા રક્ષા કરજો.

ગૌરી તણા તનય હે ! વર ઇષ્ટ દાતા,<br>
હે નાથ, આપ જગપાલક છો વિધાતા;<br>
વિઘ્નો બધા દૂર કરી નિજ અંક થાપો,<br>
પ્રીતે ગજાનન નમું ભવબંધ કાપો ...(૧)<br>
આવ્યો અહિં શરણમાં ચરણે તમારા,<br>
લાવ્યો ન ભેટ ધરવા ફળ, ફૂલમાળા;<br>
કીધા નથી મન કરી તવ નામ જાપો,<br>
પ્રીતે ગજાનન નમું ભવબંધ કાપો ...(૨)<br>
સવારી કરી મુશકની ઉપરે, ફરતા,<br>
ભક્તો તણાં સહુય સંકટને હરતા;<br>
બાળો ભયંકર બધાં શત જન્મ પાપો,<br>
પ્રીતે ગજાનન નમું ભવબંધ કાપો ...(૩)<br>
લંબોદરા, ગણપતિ, ગજકર્ણ દાદા !<br>
સો કોટિ ભાસ્કર સમા સુર વંદ્ય દાતા;<br>
મેલા મનોરથ બધા મમ સદા કાપો,<br>
પ્રીતે ગજાનન નમું ભવબંધ કાપો ...(૪)<br>
હે નાથ ! નિર્મલ કરો મમ ચિત્ત બુદ્ધિ;<br>
શ્રીપાદ વલ્લભ, ભજું તમને સ-શુદ્ધિ;<br>
સંતપ્ત છું, તન અને મન કષ્ટ કાપો;<br>
પ્રીતે ગજાનન નમું ભવબંધ કાપો ...(૫)<br>
હું 'ભૂ' પરે ભટકતું છું અલ્પ પ્રાણી,<br>
કેડી મને ન મળતી દિશ કો જવાની;<br>
હે નાથ ! હાથ મુજને ઝટ આપ આપો,<br>
પ્રીતે ગજાનન નમું ભવબંધ કાપો ...(૬)<br>
દૂર્વા ન અર્પણ કરી, શિર મેં તમારા,<br>
ગંધાક્ષતે નવ કરી, કદી દુગ્ધ ધારા;<br>
દોષો થતાં મધુ થકી સહુની ક્ષમા દો,<br>
પ્રીતે ગજાનન નમું ભવબંધ કાપો ...(૭)<br>
વેગે સહાય કરવા, નિજ ભક્ત કેરી,<br>
નિત્યે જ તત્પર રહો, કરુણા ઘણેરી;<br>
હે તાત ! આ જગતમાં સુખશાંતિ સ્થાપો,<br>
પ્રીતે ગજાનન નમું ભવબંધ કાપો ...

---

## NOG SS No : 0055

વિષય : સંવત્સરી

પ્રકાર : ગદ્ય

મિચ્છામી દુક્કડમ

વડલાની જેમ ફેલાયેલું અમદાવાદ શહેર સાંજના ટ્રાફિક પછી અડધી રાતે અજગરની જેમ સુસ્તાયેલું હતું.

ફાતિમા મસ્જિદની પાછળ આવેલ કાદરશાની પોળમાં

રહેતા મધ્યમવર્ગીય સૌ બિરાદરો મહેનતનું રળી ખાય . સૌથી ઉજળું અને ઈજ્જતદાર ખોરડું મરિયમનું..

વર્ષો પહેલાં મરિયમ બીબી સાસરેથી દુઃખાયને આવ્યા ત્યારે કોખમાં બે માસનો અબ્દુલ આકાર લઇ રહ્યો હતો...

સમય સમય કરતાં પણ વધુ ઝડપથી ઉડી રહ્યો હતો, મરિયમનો માળો અબ્દુલ નામના પંખીથી શોભી રહ્યો હતો. આખા વિસ્તારમાં મરિયમની નેકદિલી પ્રખ્યાત.પારકા કામ કરનારી મરિયમ ખરેખર પારકાને જ પોતાના માને. ઘણા ઘરોમાં ઝાડુ પોતા, કપડાં વાસણ કરે , સાથે સાથે પોતાના અને અબ્દુલના જીવનને પણ ઉજાળે.

અબ્દુલ પણ મા જેવો જ..ઉત્સાહી અને પરગજુ..

ભોળો એટલે સાવ ભોળો..

ગણપતિની સ્થાપનાથી લઈ વિસર્જન સુધી...જવાબદારી એની જ.. તાજીયા હોય તો શરબત એના જેવું કોઈ ન બનાવે...

ખબર નહિ પણ કોની નજર લાગી , આ મા - દીકરાની જોડીને .. વાત એમ વણસી ગઈ કે અબ્દુલની શાદીની વાત ચાલી ત્યારે સૌથી વધુ ઉત્સાહિત મરિયમના બધા જ અરમાન પર ત્યારે પાણી ફરી ગયું જ્યારે તેને ખબર પડી કે અબ્દુલ તેના માટે છોકરી પસંદ કરી ચૂક્યો છે અને તે છોકરી સાથે જ શાદી કરવાનો છે.

આજે તેની અહમ્ ઘવાયો હતો, વાત શાદીની નહોતી પણ વાત તેની મહત્તાની હતી. તેના જીવનનું કેન્દ્ર , તેનો બેટો આજ તેના જીવનનો સૌથી મોટો નિર્ણય કરી ચૂક્યો હતો જેમાં તે શામિલ નહોતી....

વાત વધી ચૂકી હતી, બંને પક્ષે મૌનની ખાઈ વધતી જતી હતી. એકાદ વરસ વીતવા આવ્યું હતું. હવે મરિયમ મુંઝાણી અને અબ્દુલ પણ સલવાયો હતો.

રોજની જેમ આજે પણ સવારે મરિયમ કામ પર ગઈ. આજે તહેવારો હોવાથી વધુ કામ હતું, બપોરે આવી , રસોઈ કરી તેને જમવા બોલાવ્યો... જમતાં જમતાં વાત કાઢી

" હવે, પે ' લી ક્યારે આવશે ? મારાથી હવે રોજ રોજ રસોઈના ઢસરડા નથી થતાં..."

અબ્દુલની આંખ આજે જાણે ઈદની રોશની ચમકી રહી હતી ,આ અચાનક થયેલ ફેરફાર સમજાયો નહી. છતાં અમ્મીને કારણ પૂછ્યું....તો કહે, " બેટા, આજે કોઈકે કહ્યું કે આ દુનિયામાં ક્ષમાથી મોટું કોઈ નથી, આજે મે તને માફ કર્યો...."

શ્રદ્ધા ભટ્ટ,વાપી

---

## NOG SS NO : 0037

ગણેશ સ્થાપનાં.( પદ્ય.)

મારે ઘરે બેસાડયાં ગણેશ રે ...<br>
સૌ લોક દર્શને આવજો.<br>
શિવ શક્તિનો વ્હાલો આવ્યો,<br>
સૌ લોક આરતીમાં આવજો.<br>
બુંદીના બનાવ્યાં રૂડાં મોદક રે...<br>
સૌ લોક પ્રસાદ આરોગજો.<br>
આસોપાલવના બાંધ્યાં તોરણ,<br>
સૌ લોક ગુણગાન ગાજો.<br>
કંકુ,ચોખા ને ગુલાબનાં ગોટા,<br>
સૌ લોક ભાવથી પૂજન કરીએ.<br>
રિદ્ધિસિદ્ધિ સાથે બિરાજ્યાં ગણેશ રે...<br>
સૌ લોક દર્શને આવજો...

હેમલતા ટી. દિવેચા. હેમ.(જૂનાગઢ)

---

## NOG SS NO 0037

વિષય - ગણપતિ ઉત્સવ,ધર્મ,શાસ્ત્ર....

વિભાગ - ગદ્ય. ( લેખ )

શીર્ષક - ગણેશજીના અંગોનું શાસ્ત્રીય અર્થઘટન.

જય શ્રી ગણેશ ??

ગણપતિ ઉત્સવનું આગમન થાય તે પહેલાં જ મુંબઈ મહારાષ્ટ્ર સહિત વિવિધ રાજ્યોમાં ગણેશ ઉત્સવનું માહાત્મ્ય વધતું જાય છે.શિવ અને શક્તિના પ્રિય પુત્રની મૂર્તિની સ્થાપના કરી પૂજા અર્ચના કરવામાં આવે છે. રિદ્ધિ-સિદ્ધિના દાતાની મૂર્તિને ધ્યાનથી જોતાં રામ,કૃષ્ણ,વિષ્ણુ વગેરે ભગવાન કરતાં તેમનું સ્વરૂપ અલગ તરી આવે છે.

હાથીનું મસ્તક,લાંબી સૂંઢ,ચાર હાથ, તૂટેલાં દાંત,મોટું ગોળ મટોળ પેટ, સૂપડાં જેવડાં કાન, થાંભલાં જેવડાં પગ,ઝીણી આંખો. વિશાળ કાયા ધરાવતાં ગણપતિનું વાહન, નાનકડો ઉંદર. પાશ,અંકુશ, વરદ, કમળ, સર્પ, ગદા ધારણ કરે છે. લંબોદરનું સ્વરૂપ અને તેમનાં આયુધોનું શાસ્ત્રીય અર્થઘટન જાણવા સમજવા જેવું છે.

અનાદિકાળથી ગણેશજીનું પૂજન થાય છે.ઋગવેદ અને યજૂર્વેદમાં પણ એમનો ઉલ્લેખ બુદ્ધિના દેવ તરીકે થયો છે.ગણેશજી,પિતા શંકરની સેનાના નાયક હોવાથી તેમને ગણનાયક કહેવામાં આવે છે. તેમનાં પર હાથીનું મસ્તક હોવાથી ગજાનન પણ ગણાયા.ગજરાજનું મસ્તક એટલે મેધાવી બુદ્ધિ. તમામ પ્રાણીઓમાં હાથીની યાદદાસ્ત ખૂબ જ તીવ્ર હોય છે.માટેજ વેદ વ્યાસે મહાભારતની રચનામાં ગણેશજીની મદદ લેવી પડી હતી.

ગણપતિનું પેટ મોટું હોવાથી એમને દૂંદાળા દેવ પણ કહેવાય છે. અહીં મોટી દુંદનો અર્થ, ભક્તો તેમની પાસે આવી પોતાના સુખ દુઃખની વાતો કહે છે,બાપા બધાંની વાત સાંભળી પોતાના પેટમાં રાખે,કોઈને પણ કહે નહીં.વિઘ્નેશ્વર દાદાની આંખો ઝીણી છે.તે ઘણે દૂર સુધીની નિહાળી શકે છે.કદમાં ઝીણામાં ઝીણી વસ્તુ પણ દેખાય છે.પોતાની દ્રષ્ટિ વડે ગણેશ આ વિશાળ જગતની નાની વાત પર પણ બરાબર નજર રાખે છે.લંબોદરની નાનકડી આંખો વેધક દ્રષ્ટિ અને ભવિષ્ય દર્શનની પ્રતિક છે માનવી પણ પોતાના જીવનમાં દીઘર્દ્રષ્ટિ રાખવી જોઈએ.

ગૌરી પુત્રના કાન સૂપડાં જેવડાં છે. તેનો અર્થ એ કે ભગવાન ભક્તોની બધીજ વાત સાંભળે છે. સૂપડાંનું કાર્ય સારી વસ્તુ રાખી કચરો દૂર કરવાનો છે.બાપા પણ ભક્તોના હિતની વાતો ગ્રહણ કરે છે. વિનાયક દેવને બે દાંત છે.એક તૂટેલો અડધો.પરશુરામે એક દાંત તોડી નાખ્યો હતો,ત્યારથી એક દંત કહેવાયા. રિદ્ધિ સિદ્ધિના દાતા ભક્તોની ઈચ્છાઓ પૂર્ણ કરે છે. ગણેશજીના પગ નાનાં પણ થાંભલા જેવડાં છે,તેથી બીજાઓની જેમ ઝડપથી ચાલી કે દોડી શકે નહીં. તેનો અર્થ એ કે કોઈપણ કાર્ય ઉતાવળથી ન કરવું,વિચારીને ગંભીરતા પૂર્વક કરવું.વળી ટુંકા પગ બુદ્ધિ મતાનું લક્ષણ હોય છે. તેવો પોતે નથી દોડતાં પણ પોતાની બુદ્ધિથી બીજાને દોડાવે છે.

ગણેશજીનું વાહન નાનકડો ઉંદર.ગમેત્યાં પ્રવેશ કરી શકે. નાનામાં નાની જગ્યાએ પહોંચી શકે.નાનાં માણસ સુધી પણ પહોંચી જાય.વળી ઉંદર માયાનું પ્રતિક છે.દુનિયામાં આવીને માણસ માયાના મોહમાં ભગવાનને પણ ભૂલી જાય છે. રિદ્ધિ-સિદ્ધિના દાતાને દૂર્વા નામનું ઘાસ અતિ પ્રિય છે.સુગંધ વગરના ઘાસની લોકોને કોઈ કિંમત નથી હોતી, છતાં તે ભગવાનની પૂજામાં વપરાય છે.તેનો અર્થ એ કે ગણેશજી સમાજના સામાન્ય ગણાતા લોકો ને પણ સ્વીકારે છે.વળી જાસુદનું લાલ ફૂલ પણ તેમને ચઢે છે.લાલ રંગ સોર્ય અને ક્રાંતિનો સૂચક છે.

ગણેશજીને ચોખા પણ ચઢે છે.ચોખાને અક્ષત કહેવાય છે અક્ષત એટલે અખંડ.ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા - ભક્તિ અખંડ હોવી જોઈએ.

એટલા બધાં ઉત્તમ ગુણો ધરાવનાર ગણનાયક સર્વ શુભ કાર્યોમાં પ્રથમ પૂજાય છે.ગણેશજીના ચાર હાથમાં પાશ,અંકુશ, વરદ, એવાં આયુધો અને સાથે મોદક હોય છે.ગણેશજીની જમણી અને ડાબી સૂંઢ વિશે જબરો વિવાદ છે.

આ બધાં પાસાઓ વચ્ચે વિઘ્નહર્તાની મનોહર મૂર્તિ એક ઉત્તમ અને ફળદાયી યંત્ર હોવાનો ઉલ્લેખ શિલ્પ શાસ્ત્રમાં કરવામાં આવ્યો છે.ભારત દેવ દેવીઓ, તહેવારો અને ઉત્સવોનો દેશ છે. આપણાં દેશના લોકો આકાશ,વનસ્પતિ, જળ અને પથ્થરમાં પણ ઈશ્વર નિહાળે છે.માટેજ ગણેશ ઉત્સવ લોકો ખૂબ ઉત્સાહથી,ભાવથી રિદ્ધિ સિદ્ધિના દાતાની નાનકડી પણ મૂર્તિની પૂજા અર્ચના કરી જીવનમાંથી વિઘ્નો હરી લેવાની પ્રાર્થના કરે છે.

જય શ્રી ગણેશ ??

લેખન - હેમલતા દિવેચા ( હેમ )

# શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીની પારિવારિક કથા

જીતુભાઈ વાઘાણીનો દીકરો પરીક્ષામાં ઢગલાબંધ કાપલીઓ સાથે પકડાયો એવા ન્યુઝ ખુબ ગાજ્યા છે ત્યારે આ ભાજપ સરકાર કોંગ્રેસના પ્રમાણમાં કેટલી કાચી સાબિત થઇ છે એની એક વાત યાદ આવે છે....

અઢી-ત્રણ દાયકા પહેલા બરોડા યુનીવર્સીટીમાં મેડીકલ કોલેજમાં એક વિધાર્થીને એડમીશન મળ્યું. એ ભાઈને પહેલી એકઝામમાં દરેક પેપરમાં ૧૦૦ માંથી માત્ર ૩ કે ૪ એવા માર્ક્સ આવેલા, એક પેપરમાં હાઈએસ્ટ માર્ક્સ હતા એ ૧૮ હતા. આવા વિદ્યાર્થીને મેડીકલમાં એડમીશન મળ્યું કેમ કે એમના પિતાશ્રી ગુજરાત કોંગ્રેસના ધારાસભ્ય હતા. પછી એકાએક પરિસ્થિતિ પલટાઈ અને એ ધારાસભ્યમાંથી થોડા જ વખતમાં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા.

હવે પછીની એકઝામમાં એના દીકરાને દરેક પેપરમાં ૧૦૦માંથી નેવું ઉપર માર્ક્સ આવ્યા. માત્ર એક પેપરમાં એક પ્રોફેસરે પોતાના જક્કી સિદ્ધાંતને વળગી રહેતા એને માત્ર ૮ માર્સ્ન આપ્યા. અને હેલ્થ ડીપાર્ટમેન્ટને લેટર લખી પોતાની ટ્રાન્સફર માંગી. એમની ટ્રાન્સફર જામનગર મેડીકલ કોલેજમાં થઇ. પછી નવા આવેલા પ્રોફેસરે આ ભાઈને એ જ પેપરમાં ૨૮ માર્ક્સ આપ્યા, મેડીકલમાં એ સમયે પાસીંગ માર્ક્સ ૫૦ હતા. એટલે હજુ ખૂટતા ૨૨ માર્ક્સ માટે યુનીવર્સીટીએ એક સ્પેશ્યલ સીન્ડીકેટ બેસાડી. સીન્ડીકેટ પોતાના અધિકાર પ્રમાણે વધુમાં વધુ ૨૦ કૃપાગુણ આપી શકે. સીન્ડીકેટ ૨૦માંથી ૨૦ કૃપાગુણ આપ્યા. હવે ટોટલ ૪૮ માર્ક્સ થયા. હજુ બે ઘટતા હતા. ત્યારે યુનીવર્સીટીના ઉપકુલપતિ પ્રોફેસર આર.સી.પટેલે અન્ડર સેક્શન ૧૧/૫/૭ પ્રમાણે પોતાનો પાવર વાપરી આ વિદ્યાર્થીને એક્સ્ટ્રા ઓર્ડીનરી બે માર્કસ આપ્યા. અને આમ મહામહેનતે બરોડા યુનીવર્સીટીએ એ વિદ્યાર્થીને પાસ કર્યો. કેમ કે હવે એ વિદ્યાર્થીના પિતા ગુજરાત રાજયના મુખ્યમંત્રી હતા.

બરોડા યુનીવર્સીટીમાં જ અભ્યાસ કરતા એક પત્રકારે આ મુખ્યમંત્રી પુત્રની બે માર્ક્સસીટ છાપી ન્યુઝ સ્ટોરી કે આ વિદ્યાર્થીના પિતા મુખ્યમંત્રી નહોતા ત્યારની માર્ક્સસીટ અને એના પિતા મુખ્યમંત્રી બન્યા પછીની માર્ક્સસીટ...

બરોડા યુનીવર્સીટીએ બધા જ સિદ્ધાંતો નેવે મુકીને જે વિદ્યાર્થીને ડોકટર બનાવ્યો એ વિદ્યાર્થી એટલે ગુજરાત કોંગ્રેસના એક સમયના ધુરંધર નેતા અને મનમોહનસિંહની સરકારમાં કેબીનેટ મીનીસ્ટર રહી ચુકેલા તુષાર ચૌધરી અને એમના પિતા એટલા ગુજરાતના માજી મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી....

અને એ સ્ટોરી કરનાર પત્રકાર એટલે આજે ગુજરાતના વરિષ્ઠ પત્રકાર શ્રી અજય ઉમટ.

# 'વાણિજ્ય ઉત્સવ' નો ઉદ્દેશશું છે ?

પ્રગતિશીલ ભારતના ૭૫ વર્ષ અને તેના ભવ્ય ઈતિહાસની ઉજવણી માટે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દેશભરમાં એક અઠવાડિયા સુધી 'આઝાદી કા અમૃત મહોત્સવ' ના ભાગરૂપે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે.

વાણિજ્ય વિભાગ ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી દેશના વિવિધ સ્થળોએ 'વાણિજ્ય સપ્તાહ' (વેપાર અને વાણિજ્ય સપ્તાહ)નું આયોજન કરશે.

ડિસ્ટ્રિક્ટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (DEPCs), જેની અધ્યક્ષતા સંબંધિત જિલ્લાના જિલ્લા કમિશનરશ્રીઓ /કલેક્ટરશ્રીઓ કરશે. આ કોન્ક્લેવ્સના આયોજનમાં મુખ્ય હિસ્સેદારો હશે. તેમાં સ્થાનિક નિકાસકારો/ઉદ્યોગસાહસિકો માટે લીડ બેંક, લોકલ એક્સપોર્ટ ચેમ્બર/ એસોસિએસન અને એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (ઈપીસી) જેવા ભાગીદારો સાથે સંકળાયેલા વિદેશી વેપારના મુદ્દાઓ પર ૨-૩ કલાકના માર્ગદર્શન સત્રનો સમાવેશ થશે.

આ ઈવેન્ટ્સ દરમિયાન, સરકારી ઇ-માર્કેટપ્લેસ (જીઇએમ) અને ઈપીસીમાં માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ (એમએસએમઇ)નું ઓનબોર્ડિંગ પણ પૂર્ણ થશે.

EPCs નિકાસ પ્રમોશનને જન આંદોલન બનાવવા માટે સ્થાનિક નિકાસકારો, ઉત્પાદકો અને ઔદ્યોગિક એકમોને એકત્ર કરાશે.

જેમાં ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ અને ઈન્ડસ્ટ્રીયલ પાર્ક રેટિંગ સિસ્ટમ નામની બે ઈવેન્ટ્સના સોફ્ટ લોન્ચિંગનું પણ આયોજન કરી રહ્યું છે.

ડિજિટલ પ્લેટફોર્મ રોકાણકારોને ભારતમાં વ્યવસાય શરૂ કરવા માટે જરૂરી વિવિધ ઓપરેશન પૂર્વ મંજૂરીઓ માટે ઓળખવા અને અરજી કરવાની મંજૂરી આપશે.

અમિતસિંહ ચૌહાણ




# ભાજપનો ખેસ પહેરી મેઘરજના અધિકારીઓને દમ આપતા નેતા સામે મહિલા અધિકારીએ પ્રદેશ સંગઠનમાં રજુઆત કરતાં નેતાનો નશો ઉતર્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ગુજરાતમાં નેતાઓની દાદાગીરી સામે અનેક અધિકારીઓ અને કર્મચારીઓ તોબા પોકારી ઉઠ્યા છે છેલ્લા કેટલાક સમયથી કમળ પટ્ટા પહેરી કેટલાક પદાધિકારીઓ અને કાર્યકરો ભાજપની છબીને નુકશાન પહોંચાડી રહ્યા છે રાજયમાં સત્તાધારી પક્ષના કેટલાક પદાધિકારીઓ તો જાણે પોતે જ સરકાર હોય તેવો રૂઆબ છાંટી રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી એક ભાજપ સાથે સંકળાયેલ અને સંગઠનમાં હોદ્દો ધરાવતા નેતાએ મેઘરજમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ સામે દમદાટી આપતા હોવાની સાથે બદલી કરવાની ધમકી આપતા સરકારી કર્મચારીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે મેઘરજમાં ફરજ બજાવતા એક મહિલા અધિકારીએ ભાજપનો ખેસ પહેરી સતત હેરાનગતી કરતા નેતા સામે પ્રદેશ સંગઠનમાં રજુઆત કરતા પ્રદેશ સંગઠનમાંથી નેતાને ફોન કરતા નેતા ઠંડા પડી ગયા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે

રાજકીય સૂત્રો પાસેથી પ્રાપ્ત માહીતી અનુસાર, મેઘરજ તાલુકામાં ભાજપ સાથે સંકળાયેલા એક નેતાએ સંગઠનમાં હોદ્દો મળતાની સાથે હવામાં ઉડવા લાગ્યા હતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મંત્રી મંડળમાં સ્થાન પામેલ એક મંત્રી સાથે ઘરાબો ધરાવતા હોવાની શેખી મારી તાલુકામાં ફરજ બજાવતા કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ સામે મનફાવે તેવું વર્તન કરવાનું ચાલુ કર્યું હતું અને હું કહું એ પ્રમાણે જીલ્લામાં વિકાસના કામો થવા જોઈએ અને મારા કહ્યા પ્રમાણે નહીં કરો તો ગમે તે ઘડીએ બદલી કરાવી દેવાની ચીમકી આપતા કચેરીએ કચેરીએ ફરતા સત્તાધારી પક્ષના નેતા હોવાથી અધિકારીઓ અને કર્મચારીઓ નેતાજીની દાદાગીરી સામે અવાજ ઉઠાવવામાં ડરતા હતા ત્યારે એક ઉચ્ચ સંપર્ક ધરાવતા મહિલા અધિકારીને દમ મારતા શરૂઆતમાં મહિલા અધિકારીએ નેતાને હળવેક થી લેતા નેતા ફાટીને ધુમાડે ગયા હતા

# ભાવનગરના દરિયા કિનારે ગણેશ વિસર્જનને લઈ માનવ મહેરામણ ઉમટયું



ભાવનગર શહેર અને જિલ્લામાં રવિવારે ગણપતિ ઉત્સવ અંતર્ગત ગણપતિજીની પ્રતિમાંનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં સાર્વજનિક તથા ઘરે મૂર્તિનું સ્થાપન કરનારાઓએ પ્રતિમાનું વિસર્જન કર્યું હતું.જિલ્લાના દરિયા કિનારે ગણપતિની મૂર્તિઓનુ વિસર્જન કરવા માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું.ભાદ્રસુદ ચોથ જેને તળપદી ભાષામાં ગણેશ ચતુર્થી-ગણેશચોથ આદી નામોથી ઓળખવામાં આવે છે આ દિવસે વર્ષોથી ગણેશોત્સવોનુ આયોજન વ્યાપક બન્યું છે. દર વર્ષે ભાવનગર શહેર તથા જિલ્લામાં ગણપતિ ઉત્સવના આયોજનોમાં વધારો થઈ રહ્યો છે. લોકો ઘરમાં પણ ગણપતિ ઉત્સવ અંતર્ગત મૂર્તિ સ્થાપના કરી એક દિવસથી લઈને પાંચ દિવસનું આયોજન કરે છે, જોકે, જાહેરમાં થતાં આયોજનો મોટાભાગે અગિયાર દિવસના યોજવામાં આવે છે.જિલ્લામાં યોજાયેલા વિવિધ ગણપતિ ઉત્સવના આયોજનોમાં ભક્તિ રસની પરંપરાગત હેલી જોવા મળી હતી.આ અગિયાર દિવસમાં પ્રત્યેક દિવસે નાનાં-મોટાં ધાર્મિક, સાંસ્કૃતિક તથા સામાજિક કાર્યક્રમોના આયોજનો કરવામાં આવ્યાં હતાં, જેમાં મહાપૂજાથી લઈને અન્નકૂટ, સત્સંગ, સંતવાણી સાથે બ્લડ ડોનેશન, સર્વરોગ નિદાન તથા સારવાર કેમ્પ વેક્સિનેશન કેમ્પ સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

ભાવનગર શહેર તથા જિલ્લામાથી ગણપતિજીની મૂર્તિનું વિસર્જન માટે નિષ્કલંકનો સમુદ્ર તટ માનિતો પોઈંટ છે. આ સ્થળે તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થાઓ પણ ગોઠવવામાં આવી છે. રવિવારે સવારથી સાંજ સુધીમાં આયોજકોએ ઢોલ, નગારા તથા ડીજે સાથે અબિલ, ગુલાલની છોળો વચ્ચે વાજતે-ગાજતે ગણપતિની મૂર્તિનું વિસર્જન કરવા કોળીયાકના દરિયા કિનારે પહોંચ્યા હતા. મંગલમૂર્તિ પાસે મંગલ કામનાઓ સાથે વૈશ્વિક મહામારીનો પ્રકોપ દૂર કરવા સર્વત્ર સુરભિક્ષની અનંત કામનાઓ વચ્ચે દુદાળા દેવને આવતા વર્ષે વહેલા પધારવાની વિનવણી સાથે ભાવ અને ભક્તિ ભેર વિદાય આપી હતી.

## માણાવદર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ઝાટકીયાનો બળાપો

# આજે સૌરાષ્ટ્રના ડેમો છલકાઈ ગયા છે ત્યારે માણાવદર નો રસાલા ડેમ તંત્રના પાપે ખાલીખમ પડ્યો છે



માણાવદર તથા આસપાસના ગામડાઓને જીવાદોરી સમાન રજવાડા સમયમાં જે તે નવાબો એ બંધાવેલ રસાલા ડેમ દર વર્ષે છલકાયેલા રહેતો હતો અને તેનું પાણી જમીનમાં ઊતરી માણાવદર માં આવેલ તથા આસપાસના ગામડાઓમાં આવેલ બોર, કુવા, દાર વગેરેના તળ જીવંત રાખતું હતું પણ આ વર્ષે આ ડેમના પાટિયા કાઢી નખાયા છે કે ચોરાઇ ગયા છે તેની જ કોઈને ખબર નથી.આ અંગે માણાવદર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને ખેડૂત આગેવાન દેવજીભાઈ ઝાટકીયા જણાવ્યું છે કે આ રસાલા ડેમના પાટિયા ક્યાં ગયા? કોણ લઇ ગયું તે બાબતની હજી પણ કોઈને ખબર નથી

સ્થાનિક રાજકીય પક્ષોએ મામલતદારને આવેદનપત્ર આપીને આ ડેમના ખૂલેલા પાટીયા ફરીવાર ફીટ કરી ચોમાસાનું પાણી રોકવા રજૂઆતો કર્યા પછી નિર્ભર સિંચાઈ ખાતાની ઊંઘ ઊડી નથી પરિણામે માણાવદર નપાણીયુ બની ગયું છે દેવજીભાઈએ જણાવેલ છે કે માણાવદરની જનતાને ઉનાળામાં પાણી પીવાના ફાફા પડશે જ તે વાત નક્કી થઈ ગઈ છે. દેવજીભાઈએ આ પાટીયા બાબતે નગરપાલિકા ને પૂછ્યું ત્યારે જવાબ મળ્યો કે તેમની જવાબદારી કોની છે તે અમને ખબર નથી કાર્યપાલક ઇજનેર જૂનાગઢને આ અંગે રજૂઆત કરી તો તેણે કહ્યું કે ડેમના પાટીયા ની જગ્યાએ તે ભાગને સિમેન્ટ કોંક્રીટથી ભરી દેવા નેવું હજારનું એસ્ટીમેન્ટ બનાવીને તેને સુપ્રી.એન્જિનિયર રાજકોટ ને મોકલ્યું છે. સુપ્રિ. એન્જિનિયરને પૂછતા તેણે કહ્યું કે આ એસ્ટીમેન્ટ અમે મંજૂરી માટે ગાંધીનગર મોકલ્યું છે અને મજૂર થઈએ તે કામને અમલમાં મૂકવામાં આવશે આમ આલિયાની ટોપી માલિયા માથે ને માલિયાની ટોપી આલિયા માથે મુકવાની રમતને કારણે પાણી ખાતાએ માણાવદર ને પાણી વગરનું બનાવી દેતાં લોકોમાં ભારે રોષ ભડકી રહ્યો છે

# થરા નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં. ૩માં ભાજપના ચાર ઉમેદવારો બિનહરીફ જાહેર થયા

કાંકરેજ તાલુકાની થરા નગરપાલિકાની ચુંટણી માં વોર્ડ નં .૩.ના પ્રમુખ તરીકે દાવેદાર માનવામાં આવે છે એવા વાઘેલા પૃથ્વીરાજસિંહ વાઘેલા ની પેનલ બિનહરીફ જાહેર કરવામાં આવી જોકે આમ આદમી પાર્ટીના ઉમેદવાર દરજી ગાયત્રીબેન હર્ષદભાઈએ પોતાની વ્યક્તિગત રીતે ઉમેદવારી પરત ખેંચી લીધી હતી જેમાં કોંગ્રેસ પક્ષના સચિન ભીખાભાઈ જોષી અને વિજાબેન સોરાબજી જગાણી એ ઉમેદવારી પરત ખેંચી લીધી હતી જેમાં વોર્ડ નં ૩ ના ઉમેદવાર પૃથ્વીરાજસિંહ વાઘેલા ની પેનલના ચાર ઉમેદવારો ભુપતજી ગોહિલ, લાખુબેન દેસાઈ, ચેતનાબેન સોની, બિનહરીફ જાહેર થતાં ભાજપના કાર્યકરો માં ઉત્સાહ જોવા મળ્યો હતો ત્યારે બનાસકાંઠા જિલ્લા ભાજપ ના પ્રભારી સુરેશ શાહ ની રાહબારી હેઠળ થરા નગરપાલિકા ની ચુંટણી બાબતે ભાજપના કાર્યકરો અને પદાધિકારીઓ તથા ઉમેદવારો સાથે ચર્ચા વિચારણા કરી ને ભાજપ ને સત્તા પર લાવવા માટે કવાયત શરૂ કરવામાં આવી છે ત્યારે વોર્ડ નં.૨ ના મમતાબેન ઓધારજી તેરવાડિયા એ પણ કોંગ્રેસ ના ઉમેદવાર તરીકે ફોર્મ પરત ખેંચતા કોંગ્રેસ ને મોટો ઝટકો લાગ્યો હતો ત્યારે હવે ૫૬ ઉમેદવારો માંથી ૪ ફોર્મ પરત ખેંચતા ૫૨ ઉમેદવારો મેદાનમાં ઝંપલાવશે ત્યારે ભારતીય જનતા પાર્ટીના પ્રભારી સુરેશ શાહ. પૃથ્વીરાજસિંહ વાઘેલા. કિરીટભાઈ ઠક્કર. અણદાભાઈ પટેલ. મહોબતસિંહ વાઘેલા. હંસપૂરી ગૌસ્વામી. સહિત ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા જેમાં ભાજપના વોર્ડ નં.૩.ના વાઘેલા પૃથ્વીરાજસિંહ ને અભિનંદન પાઠવ્યા હતા ત્યારે હવે ભારતીય જનતા પાર્ટી નો વિજય નિશ્ચિત માનવામાં આવે છે એટલે આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ દ્વારા કેટલી હદે ટક્કર આપવા માટે સક્ષમ દાખવશે તે મતદારો ને રીઝવવા પર આધારિત છે ત્યારે થરા નગરપાલિકા ના રોડ રસ્તા પાણી અને સ્ટ્રીટ લાઈટ સહિત અન્ય તળાવ ની કામગીરી તેમજ લોકોને પડતી હાલાકી અંગે ના જુદા જુદા લોકહિત માટે ના મુદ્દાઓ પર મતદારો નો મિજાજ રંગ લાવશે તેવી રાજકીય પક્ષો વચ્ચે અટકળો વહેતી થઈ છે ત્યારે હવે થરા નગરપાલિકા માં કોનો ઝંડો લહેરાય એ જોવું રહ્યું..

(રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા)

## 'દિવ્યાંગજનોની તકલીફ દૂર કરવી એ સફળ માનવજીવનની લાક્ષણિકતા : મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજ દ્વારા દિવ્યાંગજનો માટે નિઃશુલ્ક સાધન સહાય વિતરણનો ત્રિ-દિવસીય કાર્યક્રમ યોજાયો



ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ, જયપુર (રાજસ્થાન) કોટા શાખા દ્વારા આયોજિત શ્રી સૌરાષ્ટ્ર પટેલ સમાજના સંયુક્ત ઉપક્રમે દિવ્યાંગોને વિનામૂલ્યે સાધન સહાય આપવામાં આવ્યા. દિવ્યાંગો માટે આયોજિત ત્રિદિવસીય શિબિરમાં જરૂરિયાતવાળા વિકલાંગોને મફત કૃત્રિમ પગ (જયપુર ફૂટ) તથા પોલિયો કેલીપર્સ તથા બગલઘોડી વિનામૂલ્યે આપવામાં આવશે. તા.૨૦ થી ૨૨ સપ્ટેમ્બર સુધી શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ-કન્યા છાત્રાલય નારણપુરા ખાતે આયોજીત શિબિરમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે સેવા કાર્યો કરનાર ટ્રસ્ટો અને સંસ્થાઓ સાથે સરકાર હંમેશા જોડાયેલી જ છે. સમગ્ર ગુજરાતમાં કોઈ પણ દિવ્યાંગ ભાઇ-બહેન કોઇ સહાયથી વંચિત ન રહે એના માટે રાજ્ય સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. ગુજરાત રાજ્યના ખૂણે-ખૂણે વસતા તમામ દિવ્યાંગ સુધી સહાયતા પહોંચે અને એ દિવ્યાંગો સ્વનિર્ભર થાય એ મુખ્ય ઉદ્દેશ છે. ''માનવ સેવા એ જ પ્રભુસેવા'' માનવીના દુઃખ-દર્દ દૂર કરવા એ જ મોટું સેવાકીય કાર્ય છે. તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રી એ વધુમાં જણાવ્યું કે જગતના સર્વ ધર્મ શાસ્ત્રોમાં એક વાત જરૂર કહી છે કે દિવ્યાંગજનોની તકલીફ દૂર કરવી એ સફળ માનવજીવનની લાક્ષણિકતા છે. આપણી આસપાસ ઘણા એવા લોકો રહે છે-જીવે છે, જેમને કુદરતે આપણા બધા કરતાં કંઈક ઓછું આપ્યું છે. શારિરીક તકલીફ આપી છે એવા લોકોને મદદ કરીને સહાયરૂપ થવું એ સભ્ય સમાજની પરંપરા છે. દિવ્યાંગ લોકોને સામાન્ય જીવન જીવવામાં ઘણી અડચણો આવતી હોય છે આવા સમયે તેમને પરિવારજનો અને આસપાસના લોકોએ સાથ-સહકાર આપવો એ ખૂબ જ જરૂરી છે. દિવ્યાંગજનોનું સમાજમાં પુનઃસ્થાપન થાય અને તેએ સામાન્ય જીવન જીવતા થાય એ માટે સમાજના સક્ષમ લોકોએ આગળ આવવું પડે.

મુખ્યમંત્રીશ્રી એ ઉમેર્યું હતું કે ભગવાન મહાવીર વિકલાંગતા સહાયતા સમિતિ દ્વારા આજે માનવસેવાનો વધુ એક યજ્ઞ આરંભ્યો છે. જયપુર ફુટ આ સાધન સહાય માટે સંપૂર્ણ જગતભરમાં જાણીતું છે. ભગવાન મહાવીરના સિદ્ધાંતને અનુસરીને આ સંસ્થા છેલ્લા પાંચ દાયકાથી જનસેવાનું અદભુત કાર્ય કરી રહી છે જે કાબિલે દાદ છે. જેણે અત્યાર સુધીમાં લાખો દિવ્યાંગોને વિનામૂલ્યે અનેક સાધનોની સહાય આપી છે

આજે દિવ્યાંગ વિકલાંગ વ્યક્તિઓના પરિવારજનોના જીવનમાં સોનાનો સુરજ ઉગ્યો છે તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રી એ કહ્યું કે, કેન્દ્ર સરકારે માનવીય સંવેદના પ્રત્યે અભિગમ દાખવીને દિવ્યાંગોના જીવનમાં બદલાવ કઈ રીતે લાવી શકાય તે દેશ અને દુનિયાને બતાવ્યું છે. વિકલાંગતા ધરાવતા વિશિષ્ટ વ્યક્તિઓને દિવ્યાંગની આગવી ઓળખ આપીને સુગમ્ય ભારત અભિયાન હેઠળ સાંકળી લેવામાં અવ્યા છે. દિવ્યાંગો જાહેર સંસ્થાઓ, ટ્રેન, બસ, હવાઈ સેવાઓ, લિફ્ટ અને ઈમારતો જેવી જાહેર જગ્યાઓ પર સરળતાથી અને સ્વયં પહોંચી શકે તથા સફર કરી શકે એવી જાગૃતિ સામાજિક વ્યક્તિઓને જોડીને જગાવવામાં આવી છે. દિવ્યાંગ ભાઇ-બહેનો પણ હવે ગૌરવથી નવજીવન જીવવા માટે સક્ષમ બન્યા છે અને ''મેરા દેશ બદલ રહા હૈ'' ની અનુભૂતિ કરી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રી એ આ પ્રસંગે વિશેષમા જણાવ્યુ હતું કે પહેલા દિવ્યાંગોને વિકલાંગતા પ્રમાણપત્ર માટે વારંવાર મેડિકલ ચેકઅપ માટે જવું પડતું હતું અને હાડમારી વેઠવી પડતી હતી પણ હવે સંપૂર્ણ સંવેદનાથી દિવ્યાંગતાનું પ્રમાણપત્ર આજીવન એટલે કે લાઈફ ટાઈમ માટે માન્ય કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. તથા દિવ્યાંગ વ્યક્તિઓને એસ.ટી બસમા મુસાફરી માટે મળતો પાસ પણ હવેથી આજીવન ધોરણે જીવનભર માટે માન્ય રાખવામાં આવશે તેમ જણાવ્યું હતુ.

દિવ્યાંગ વ્યક્તિઓને તેમના જીવનમાં ઓશિયાળાપણા હોવાનો ભોગ ન બનવું પડે અને તેઓ પણ સ્વમાનભેર જીવન જીવી શકે તે માટે રાજ્ય સરકારે જુનો નિયમોમાં બદલાવ લાવવાની નવતર પહેલ કરી છે. હવેથી દિવ્યાંગ વ્યક્તિ સરકારની વિવિધ યોજનામાંથી પોતાના મનગમતા ક્ષેત્રમાં કારકિર્દી ઘડી શકશે.

મુખ્યમંત્રી શ્રી એ વધુમા જણાવ્યુ હતું કે તાજેતરમાં જ ટોક્યો પેરાલિમ્પીકમાં સિલ્વર મેડલ જીતનારી ગુજરાતની દીકરી અને ઘાટલોડિયા રહેતી ભાવિના પટેલ તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ભાવિના પટેલે દિવ્યાંગ હોવા છતાંય રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક મેડલ જીત્યા છે. એટલે હવે દિવ્યાંગ હોવું એ અભિશાપ નથી.

દિવ્યાંગોના કલ્યાણ અને રોજગારી તથા આર્થિક ઉત્કર્ષ માટે રાજ્યમાં ''દિવ્યાંગ આર્થિક વિકાસ નિગમ''ની પણ રચના કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે માતબર રકમ દિવ્યાંગ વ્યક્તિઓના શિક્ષણ અને તાલીમ માટે ખર્ચ કરવામાં આવે છે. રાજ્ય સરકારની સંત સુરદાસ યોજના અંતર્ગત બૌદ્ધિક અસમર્થતા ધરાવતા ૨૫ હજારથી વધારે મનોદિવ્યાંગ વ્યક્તિઓને પેન્શનની રકમ તેમના ખાતામાં દર મહિને નિયમિત રીતે મળી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દિવ્યાંગો માટે સંપૂર્ણપણે સંવેદનશીલ છે તેમ જણાવતા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે ઉમેર્યું હતું કે ભારત સરકારના દિવ્યાંગ વિભાગ દ્વારા યુનિક આઇ.ડી રાખવાની યોજના છે ગુજરાતમાં પણ યુનિવર્સલ આઇ.ડી પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગુજરાતમાં અઢી લાખથી વધુ દિવ્યાંગ લાભાર્થીઓને યુનિક આઈડી આપવામાં આવ્યા છે. ઉપરાંત દિવ્યાંગ શિષ્યવૃતિ, સાધન સહાય,પેન્શન સ્કીમ, દિવ્યાંગ વ્યક્તિઓને લગ્ન સહાય, તેમના કુટુંબીજનોનો વીમો જેવી અનેક સહાયથી રાજ્ય સરકાર તેમની દરકાર લઈ રહી છે. રાજ્ય સરકાર દિવ્યાંગ વ્યક્તિઓને સ્વરોજગારીથી ઉન્નત મસ્તકે જીવતા કરવા સ્ટાર્ટઅપ જેવી યુવા સાહસિકતા યોજનામાં તેમની ક્ષમતા અનુસાર તેમને વ્યવસાય કરવા સહાય આપી રહી છે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી એ ભગવાન મહાવીર વિકલાંગતા સહાયતા સમિતિ અને શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ભગવાન મહાવીર વિકલાંગતા સહાયતા સમિતિના સ્થાપક શ્રી ડી.આર. મહેતાએ સંસ્થાની કામગીરી વિશે ચિતાર રજુ કર્યો હતો.

સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી વલ્લભભાઈ કાકડીયાએ પ્રાસંગિક ઉદબોધનમાં સંસ્થાની પ્રવૃતિઓ વિશેની માહીતી આપી હતી.

આ પ્રસંગે ભગવાન મહાવીર વિકલાંગતા સહાયતા સમિતિના પ્રમુખ, સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળના પ્રમુખશ્રી, એલિસબ્રીજ અને સાબરમતીના ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટર્શ્રીઓ, સંસ્થાના હોદ્દેદારો, પદાધિકારીશ્રીઓ, અમદાવાદના પૂર્વ મેયરશ્રી, વિવિધ સંગઠનના ચેરમેનશ્રીઓ, હોસ્પિટલના ટ્રસ્ટીશ્રીઓ, અને દિવ્યાંગ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મનીષા પ્રધાન

# તળાજા અને મહુવા પંથકમાં દોઢથી બે ઈંચ વરસાદ ,તળાજી અને શેત્રુંજી નદી બે કાંઠે વહેતી થઈ

તળાજા અને મહુવાના ગ્રામ્ય પંથકને બાદ કરતાં ગોહિલવાડમાં અન્ય વિસ્તારોમાં મેઘ વિરામ રહ્યો હતો. મહુવા તાલુકાના ગુંદાણા પંથકમાં વીજળીના કડાકાભડાકા સાથે જોરદાર બે ઇંચ વરસાદ થયો છે. ગુંદરણા પંથકમાં ૨ ઈંચ મેઘ મહેર વરસી હતી તો તળાજા પંથકમાં પણ દોઢથી બે ઈંચ વરસાદ વરસી ગયો હતો.

ગુંદરણા પંથકમાં સતત દિવસ- રાત બફારાના બાદ સોમવારે બપોરે ૩.૩૦ કલાકે ૨ ઈંચ વરસાદ થયો હતો. ખેતરોમાં તથા રસ્તા ઉપર પાણી ફરી વળ્યા હતા તો ભગુડા ગામે શીંગાળી ધાર ઉપર વીજળી પડી હતી કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ જે જગ્યાએ વીજળી પડી ત્યાં લીલું ઘાસ બળી ગયું હતું. ગુંદરણાની ખારો નદીમાં જોરદાર પુર આવ્યું હતુ. પુર આવાવના કારણે ખારો નદીના સામે કાંઠે ખેતરોમાં કામ કરતા ખેતમજૂરો તથા ખેડૂતો ખારો નદીના સામે કાંઠે ફસાયા હતા.

તળાજા માર વરસાદ વરસી ગયો હતો અને એક કલાકમાં દોઢથી બે ઇંચ વરસાદ ખાબકી જતા તળાજી નદી અને શેત્રુંજી નદી કાંઠે વહેતી થઈ ગઈ હતી. તળાજામાં છેલ્લા અઠવાડિયાથી મેઘરાજાનું ધીમીગતિએ ગતિએ આગમન થયા બાદ બે દિવસ પહેલા એક ઇંચ જેટલો વરસાદ પડયો બપોરના સમયે એકાદ કલાક ધુંઆધાર વરસાદથી તળાજા નદીની ઉપરવાસ ધોધમાર વરસાદને કારણે સાંજના સમયે શેત્રુંજી નદી તથા તળાજી નદી બે કાંઠે વહી રહી હતી.




ગાંધીનગર મહાનગર પાલિકા ૩ જી ઓકટોબર ની ચૂંટણી હોવાથી કોંગ્રેસ દ્વારા ૧૧ વોર્ડ ની ચૂંટણી માં કુલ ૪૪ ઉમેદવાર કોંગ્રેસ પક્ષ તરફથી મૂકવામાં આવ્યા છે.દરેક વોર્ડ માં ચાર ઉમેદવાર છે.જેમાંથી ૫૦% મહિલા ને પણ સ્થાન આપવામાં આવ્યું છે..આજે સેકટર -૨૨ માં કોંગ્રેસ પક્ષ દ્વારા મધ્યસ્થ કાર્યાલય નું ઉદઘાટન કરવામાં આવ્યું..પ્રદેશ પ્રવકતા જયરાજસિંહ પરમાર,પ્રદેશ મહામંત્રી નિશીથ વ્યાસ. ઉમેદવારો તેમજ સ્થાનિક કોંગ્રેસ પક્ષ ના શહેર,જિલ્લા ના હોદ્દેદારો,કાર્યકર ભાઈઓ બહેનો ઉપસ્થિત હતા.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન દીઓ પ્રાગટ્ય થી આભારવિધિ સુધી મહેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું .

## રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથાર પણ ઉપસ્થિત રહ્યા

# આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે સોલા સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી



રાજયના નવનિયુક્ત આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે આજે અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.સોલા સિવિલ હોસ્પિટલની મુલાકાત લઇ હોસ્પિટલમાં ઉપલબ્ધ સેવાઓ, માળખાગત સુવિધાઓ, વ્યવસ્થાપન વગેરેનું નિરિક્ષણ કરી તાગ મેળવ્યો હતો. મુલાકાત બાદ મંત્રીશ્રીએ હોસ્પિટલના તમામ વિભાગના વડા , તબીબો સાથે બેઠક યોજી હતી.

મુલાકાત બાદ મીડિયા સાથેને સંવાદમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, કોરોનાની સંભવિત ત્રીજી લહેરનો સામનો કરવા સંપુર્ણ તૈયારીઓ સાથે ગુજરાત સરકાર સજ્જ છે. કોઈ પણ પરિસ્થિતિમાં સરકારે હકારાત્મક અને સંવેદનશીલ અભિગમ સાથે પગલાં લીધા છે. કોરોના બંને લહેર ઉપર સફળતાપૂર્વક નિયંત્રણ મેળવવામાં સરકાર સફળ રહી છે જેના પરિણામે આજે રાજયમાં કોરોનાના નજીવા કેસ છે.

કોરોનાની સંભવિત ત્રીજી લહેરમાં પણ દર્દીને સત્વરે શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટે દવાના જથ્થા, તબીબી ઉપકરણો, ઓક્સિજન પ્લાન્ટ, વેન્ટિલેટર જેવી તમામ આરોગ્ય સેવાઓની વ્યવસ્થા રાજય સરકારે કરી હોવાનું મંત્રીશ્રીએ કહ્યું હતુ.

કોરોના રસીકરણ અંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, ડિસેમ્બર સુધીમાં નાગરિકો રસીના બંને ડોઝ લઇ સુરક્ષિત બને એવું સુદ્રઢ આયોજન સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા સમગ્ર દેશમાં રસીનો જથ્થો સરળતાથી ઉપલબ્ધ કરાવીને ખુબજ સરાહનીય કામ કરવામાં આવી રહ્યું છે.

તેઓએ વિશેષમાં જણાવ્યુ હતુ કે, રાજ્યમાં ૨૩મી સપ્ટેમ્બરથી ×આપ કે દ્વાર આયુષ્માન× મેગાડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડ્રાઇવમાં રાજયના ૮૦ લાખ કુટુબોને આવરી લઇ PMJAY-MA કાર્ડ કઢાવી લાભાન્વિત કરવામાં આવશે.

રાજયકક્ષાના આરોગ્ય મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથારે આ પ્રસંગે કહ્યું કે, સરકાર દ્વારા કોરોનાની જનજાગૃતિના વ્યાપક પ્રચાર –પ્રસાર હાથ ધરવામાં આવ્યો છે.કોરોનાના કેસ ઓછા થયા છે, પરંતુ કોરોના સંપૂર્ણપણે ગયો નથી માટે કોરોનાની તમામ ગાઇડલાઇનનુ પાલન કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

આરોગ્યમંત્રી શ્રી એ સોલા સિવિલ હોસ્પિટલના તમામ વિભાગના વડા સાથે સંવાદ કરીને તેમની જરૂરિયાતો વિશેની પૃચ્છા કરી હતી. હોસ્પિટલના પી.આઇ.યુ., સિક્યુરીટી , મેડિકલ , પેરામિડકલ વિભાગ સાથે સંવાદ સાધીને તેમની જરૂરિયાતો વિશે જાણકારી મેળવી હતી. આ તમામ જરૂરિયાતો તેમના પ્રશ્નોના ત્વરાએ નિરાકરણ અને ઉકેલ લાવવાની ખાતરી મંત્રી શ્રી એ આપી હતી.

આ બેઠકમાં આરોગ્ય વિભાગની તબીબી શિક્ષણ શાખાના એડિશનલ ડાયરેક્ટર શ્રી આર.કે દીક્ષિત, PMJAY-MA ના મદદનીશ નિયામક શ્રી મહેશ કાપડિયા ,સોલા સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ ડૉ.પીનાબેન સોની, GMERS કૉલેજના ડીન ડૉ. નીતીન વોરા, સોલા સિવિલ હોસ્પિટલના તમામ વિભાગના વડા અને સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા.

અંજલી શુક્લ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.